
Thursday, 30 July 2026
પાના : ૮ ● કિંમત : રૂ.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ



વિશ્વના શ્રેષ્ઠ મગજ તમને સ્કૂલની પાછલી પાટલી પર જોવા મળશે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૨૭ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ એકમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દાનહ અને દમણ-દીવ ભાજપે શ્રી ગુરુ રવિદાસ મહારાજની જન્મજયંતિના ઉપલક્ષમાં પાર્ટી કાર્યાલય દમણ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજી ‘સમરસતા સંકલ્પ અભિયાન’નો કર્યો પ્રારંભ

**ભાજપે શરૂ કરેલ ‘સમરસતા સંકલ્પ અભિયાન’ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સમાજમાં સંવાદિતા, સામાજિક સૌહાર્દ અને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવા માટેનું એક જન આંદોલન છેઃ પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરિયા**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૯**

સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિના ઉપલક્ષમાં આજે દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાની આગેવાની હેઠળ રાષ્ટ્રવ્યાપી ‘સમરસતા સંકલ્પ અભિયાન’ના ભાગરૂપે પાર્ટી કાર્યાલય, નાની દમણ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને તેમના સમાનતા, સેવા અને સામાજિક ન્યાયના માર્ગને અનુસરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

આ અવસર નિમિત્તે દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, દમણ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમભાઈ પટેલ, દમણ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી દીપિકાબેન ટંડેલ, દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, દમણ-દીવ પ્રદેશ ભાજપના પૂર્વ પ્રમુખ શ્રી બી.એમ. માછી સહિત પક્ષના પદાધિકારીઓ, જનપ્રતિનિધિઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સંબોધતા પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ જણાવ્યું હતું કે, સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજે તેમના જીવનભર સમાજને સંવાદિતા, સમાનતા, ભક્તિ, સેવા અને માનવતાનો અમૂલ્ય સંદેશ આપ્યો હતો. તેમણે સામાજિક ભેદભાવ સામે અવાજ ઉઠાવ્યો હતો અને સ્થાપિત કર્યું હતું કે, દરેક વ્યક્તિ સમાન આદર અને તકનો હકદાર છે. તેમના વિચારો સમાજને એકતા, સંવાદિતા અને સામાજિક ન્યાય તરફ પ્રેરણા આપતા રહે છે. શ્રી આગરિયાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા શરૂ કરાયેલ ‘સમરસતા સંકલ્પ અભિયાન’ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સમાજમાં સંવાદિતા, સામાજિક સૌહાર્દ અને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવા માટે એક જન આંદોલન છે. આ અભિયાન ૨૯ જુલાઈ, ૨૦૨૬ (ગુરુ પૂર્ણિમા) થી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૭ (શ્રી ગુરુ રવિદાસ મહારાજ જયંતિ) સુધી દેશભરમાં વિવિધ ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને જનસંપર્ક કાર્યક્રમો દ્વારા ચલાવવામાં આવશે, જેથી ગુરુ રવિદાસજીના ઉપદેશો દરેક વ્યક્તિ સુધી પહોંચી શકે. વડાપ્રધાની શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, ‘‘સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ’’ના મંત્ર સાથે સંત ગુરુ રવિદાસ મહારાજ દ્વારા નિર્ધારિત સુમેળભર્યા સમાજના આદર્શોને સાકાર કરવા માટે સતત કાર્યરત છે. તેમણે તમામ કાર્યકરોને અભિયાન દરમિયાન શક્ય તેટલા વધુ લોકો સુધી પહોંચવા, ગુરુ રવિદાસજીના આદર્શોનો પ્રચાર કરવા અને સામાજિક સૌહાર્દને મજબૂત બનાવવામાં સક્રિય ભૂમિકા ભજવવા હાકલ કરી હતી.

કાર્યક્રમના અંતે, ઉપસ્થિત ભાજપના આગેવાનો, પદાધિકારીઓ, હોદ્દેદારો, વિવિધ મોરચાના પ્રમુખો અને કાર્યકરોએ સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજના આદર્શોને આત્મસાત કરીને, સામાજિક સૌહાર્દ, સેવા અને રાષ્ટ્ર નિર્માણ માટે કાર્ય કરવાની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.

## દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલ સહિત લોકસભામાં શિક્ષણ અને પરીક્ષા સુધારણા બિલ ઉપર બોલવાની તક નહિ મળતાં નાના પક્ષના તથા અપક્ષ સાંસદોએ સંસદના મકર દ્વાર ઉપર કરેલું શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન

**સાંસદ ઉમેશભાઈ પટેલનો સોંસરો પ્રશ્ન : સંસદ લોકશાહીની ભાવના અનુસાર, દરેક ચૂંટાયેલા સાંસદને તેમના મતવિસ્તાર અને દેશના લોકો વતી બોલવાની સમાન તક આપશે કે પછી ફક્ત મોટા રાજકીય પક્ષો અને મોટા નેતાઓના અવાજો સાંભળવાનું માત્ર પ્લેટફોર્મ જ બની રહેશે?**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવી દિલ્હી, તા.૨૯**

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ બાબુભાઈ પટેલે આજે સંસદ પરિસરમાં શિક્ષણ અને પરીક્ષા સુધારા સંબંધિત મહત્ત્વપૂર્ણ બિલ પર ચર્ચા દરમિયાન નાના પક્ષો અને સ્વતંત્ર સાંસદોને બોલવાની પૂરતી તક નહીં આપવા બદલ ઊંડી નારાજગી વ્યક્ત કરી હતી.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ અને પરીક્ષા સુધારા જેવા મહત્ત્વપૂર્ણ બિલ પર તેમના મંતવ્યો રજૂ કરવા માટે શરૂઆતમાં તેમને ગઈકાલે મોડી રાત સુધી રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું, અને આજે સવારથી સાંજ સુધી ખાતરી આપવામાં આવી હતી કે તેમને પૂરતો સમય આપવામાં આવશે. તેમ છતાં, તેમને ગૃહમાં તેમના મંતવ્યો રજૂ કરવાની તકનો ઈનકાર કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ બિલ દ્વારા તેઓ સંસદમાં લાખો વિદ્યાર્થીઓ, વાલીઓ અને યુવાનોનો અવાજ ઉઠાવવા માંગતા હતા. તેમનો ધ્યેય ફક્ત કાયદાનું સમર્થન કે વિરોધ કરવાનો નહોતો, પરંતુ પરીક્ષા પ્રણાલીમાં વારંવાર દેખાતી સંસ્થાકીય ખામીઓ, પેપર લીક, જવાબદારી, પારદર્શિતા અને યુવાનોનો આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કરવા જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર સૂચનો આપવાનો હતો.

તેમણે જણાવ્યું હતું કે, ગૃહમાં વારંવાર વિક્ષેપો થવાથી સૌથી વધુ નુકસાન એવા સાંસદોને થાય છે જે નાના પક્ષો, સ્વતંત્ર સાંસદો અથવા નાના રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે. મોટા પક્ષો પાસે ઘણી તકો હોય છે, જ્યારે નાના પક્ષો અને સ્વતંત્ર સાંસદો માટે મર્યાદિત સમય તેમના અવાજને દબાવી દેવામાં આવે છે.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, સંસદ લોકશાહીની ભાવના અનુસાર, દરેક ચૂંટાયેલા સાંસદને તેમના મતવિસ્તાર અને દેશના લોકો વતી બોલવાની સમાન તક આપશે કે પછી ફક્ત મોટા રાજકીય પક્ષો અને મોટા નેતાઓના અવાજો સાંભળવાનું માત્ર પ્લેટફોર્મ જ બની રહેશે?

આ મુદ્દા પર, સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે તેમના સાથી સાંસદો શ્રી રાજકુમાર રોત, શ્રી વિશાલ પાટિલ, શ્રી હનુમાન બેનીવાલ અને શ્રી ચંદ્રશેખર આઝાદ સાથે સંસદના મકર દ્વાર ખાતે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને લોકશાહીમાં નાના પક્ષો, સ્વતંત્ર સાંસદો, નાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અવાજને સમાન મહત્ત્વ આપવાની સખત માંગ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, સંસદ લોકશાહીનું સર્વોચ્ચ મંચ છે અને દરેક ચૂંટાયેલા પ્રતિનિધિને કોઈપણ ભેદભાવ વિના પોતાના વિચારો વ્યક્ત કરવાની સમાન તક મળવી જોઈએ. સંસદમાં સંવાદ, ચર્ચા અને ઠરાવની પરંપરાને મજબૂત બનાવવી એ લોકશાહીની સાચી તાકાત છે.

સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે એમ પણ જણાવ્યું હતું કે, તેમનો વિરોધ કોઈ વ્યક્તિ કે રાજકીય પક્ષ સામે નથી, પરંતુ લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવા, સંસદની ગરિમા જાળવવા અને દેશના દરેક નાગરિકના અવાજને સમાન માન આપવાનો છે. સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, ‘‘લોકશાહીનો અવાજ દબાવી શકાતો નથી. નાના પક્ષો, સ્વતંત્ર સાંસદો અને નાના રાજ્યોનો અવાજ મોટા પક્ષોના અવાજ જેટલો જ મહત્ત્વપૂર્ણ છે. સંસદ દરેકની છે, તેથી દરેક જનપ્રતિનિધિને બોલવાનો સમાન અધિકાર હોવો જોઈએ.’’

## દમણની પરિયારી ગ્રામ પંચાયત ખાતે સરપંચ ભાવિકભાઈ હળપતિના નેતૃત્વમાં વ્યવસાયિક કૌશલ પ્રશિક્ષણ માર્ગદર્શન શિબિર યોજાઈ

**■ ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉધમિતા મંત્રાલય દ્વારા દાનહના જન શિક્ષણ સંસ્થાન દ્વારા આયોજીત શિબિરમાં કાર્યરત ૧૫ અભ્યાસક્રમોની આપવામાં આવેલી માહિતી ■ પરિયારીના સરપંચ ભાવિકભાઈ હળપતિએ અનુ.જનજાતિ અને અનુ.જાતિ માટે તદ્દન મફતમાં પ્રશિક્ષણનો લાભ લેવા ૧૬ થી ૪૫ વર્ષના લોકોને પ્રેરિત કર્યા**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૯**

દમણની પરિયારી ગ્રામ પંચાયત ખાતે આજે દાનહના જન શિક્ષણ સંસ્થાન - વ્યવસાયિક કૌશલ પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા એક માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જન શિક્ષણ સંસ્થાન અને ટ્રાઈબલ સ્કિલીંગ સેન્ટર, દાનહના ડાયરેક્ટર શ્રી ભરતકુમાર ગુંજાલ, પ્રોગ્રામ ઓફિસર સુશ્રી સુજાતા લોન્ડે, જન શિક્ષણ સંસ્થાન દાનહના પ્રોગ્રામ ઓફિસર શ્રી રવિન્દ્ર માહાલે તથા બાંસવાડા સિન્ટેક્સ લિમિટેડના શ્રી સુશીલ ઉપસ્થિત રહ્યા હતા.




આ પ્રસંગે પરિયારી ગ્રામ પંચાયતના સરપંચ શ્રી ભાવિકભાઈ હળપતિએ સભાને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, આપણા યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસથી ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમીતા મંત્રાલય દ્વારા ૧૬ થી ૪૫ વર્ષની વયમર્યાદાવાળા લોકો માટે વિવિધ સ્વનિર્ભરતા મળી શકે એવા અભ્યાસક્રમોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં અનુ.જનજાતિ અને અનુ.જાતિના લોકો માટે આ અભ્યાસક્રમ સંપૂર્ણપણે મફત છે. તેમાં ભાગ લેવા માટે ઉપસ્થિત લોકોને પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે સેલવાસ ખાતે કાર્યરત જન શિક્ષણ સંસ્થાનની વિશેષતાઓ જણાવતાં સંસ્થાનના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, આ જન સંસ્થાનમાં કોમ્પ્યુટર લેબ સુવિધા પણ ઉપલબ્ધ છે અને સંસ્થાન દ્વારા સાડા ત્રણ મહિનાના આસિસ્ટન્ટ ડ્રેસ મેકર, હેલ્પર ટુ થ્રી વ્હીલર મીકેનિક, બ્યુટીકેર આસિસ્ટન્ટ, વર્મીકમ્પોસ્ટ પ્રોડ્યુસર, આસિસન્ટ હેન્ડ એમ્બ્રોઈડરી, યોગા ટ્રેનિંગ આસિસ્ટન્ટ તેમજ દોઢ મહિનાના દરજી(એડવાન્સ), બેઝિક હેલ્થ એન્ડ વેલનેસ સ્કીલ, ક્રિએટિવ માલાકાર સહિત પાંચ મહિનાના આસિસ્ટન્ટ કોમ્પ્યુટર ઓપરેટર, ૪ મહિના માટે સાઈબર સિક્યુરીટી આસિસ્ટન્ટ જેવા કુલ ૧૫ અભ્યાસક્રમોની તાલીમ આપવામાં આવે છે. પ્રશિક્ષણ પૂર્ણ કર્યા બાદ તાલીમાર્થીઓને મુદ્રા લોન માટે માર્ગદર્શન પણ આપવામાં આવે છે અને રોજના ૩ કલાકના પ્રશિક્ષણ દરમિયાન અભ્યાસક્રમમાં વ્યક્તિત્વ વિકાસ અને જીવનમૂલ્યોના શિક્ષણના જ્ઞાનને પણ આવરી લેવામાં આવે છે. તેથી દમણ જિલ્લાના અનુ.જનજાતિ અને જાતિ સહિત દરેક સમુદાયના ૧૬ થી ૪૫ વર્ષના વ્યક્તિઓએ આ લાભ લેવો જોઈએ અને અન્યો માટે ફી માળખું પણ ખુબ જ કિફાયતી રાખવામાં આવેલ છે.

## દમણમાં શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ પ્રતિજ્ઞા લીધી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૯**

‘એન્ટી ડેન્ગ્યુ મહિનો’ પ્રવૃતિઓના ભાગ રૂપે, દમણની તમામ સરકારી અને ખાનગી શાળાઓના બાળકો અને શિક્ષકોએ પ્રતિજ્ઞા અને જાગૃતિ વધારવાની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

દાદરા નગર હવેલી અને દમણ-દીવના ‘રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ -પ્રોગ્રામ’ના રાજ્ય કાર્યક્રમ અધિકારી ડૉ. ગણેશ વર્ણેકરે, જણાવ્યું હતું કે, દમણની તમામ સરકારી અને ખાનગી શાળાઓમાં સંબંધિત નોડલ શિક્ષકોની દેખરેખ હેઠળ પ્રતિજ્ઞા અને જાગૃતિ વધારવાની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાના બાળકોમાં વેક્ટર-બોર્ન રોગો અને તેમના નિવારણ વિશે જાગૃતિ લાવવાનો હતો, તેમજ સમુદાયમાં જવાબદારીની ભાવના જગાડવાનો હતો.

શિક્ષણ વિભાગ પણ પ્રદેશમાં વેક્ટર-બોર્ન રોગો સામે લડવા માટે સંપૂર્ણ સમર્થન પૂરૂ પાડી રહ્યું છે, જેમાં સમુદાય જાગૃતિ વધારવાનો અને નિવારક પગલાં લેવાનો સમાવેશ થાય છે. વિભાગ કેન્દ્ર શાસિત પ્રદેશમાં વેક્ટર-બોર્ન રોગો અટકાવવાના વિઝનને પ્રાપ્ત કરવા માટે તમામ સમુદાયના સભ્યોને સાથે આવવા અપીલ કરી રહ્યો છે.




## સુવિચાર - સદ્વિચાર

જેને પોતાના સપનામાં વિશ્વાસ છે, એ દુનિયાને બદલી શકે છે, આત્મવિશ્વાસ સૌથી મોટી શક્તિ છે.

## કવિતા

### અમલકટોરી

ભર મન! બ્રહ્મપ્રેમનો પ્યાલો રે
મને હરિરસ વ્હાલો રે...

અંગૂર ને આંબાના રસને મનથી મૂકી દીધો,
સતવાયકનો લીલો લીમડો ઘૂંટીઘૂંટી પીધોઃ
મારગ સુરગંગાનો લીધો.
—ભર મન...

માયાનાં ધાવણ ધાવેલું મનડું મારું ઝેરી,
હૈયાના કંગાલ મનોરથ દીધા આજ વધેરીઃ
વાગી અનહદની રણભેરી.
—ભર મન...

કાળતણું કરજુગલ બિચારું રગડે છો તન-માટી,
જીવનની લાખેણી ખલમાં બ્રહ્મભક્તિ મેં વાટીઃ
મારે ઊંચી આત્મ-સપાટી.
—ભર મન...

સંતન! મેં સજીવન પીધું, ગયો કાળ—ઘા ઠાલો,
'આખર'ની વૃન્દાવનકુંજે ગુંજત મુરલીવાલોઃ
ઊડે ચેતનરંગ-ગુલાલો.
—ભર મનં

રગરગ બ્રહ્મભાવના ફોરી!
પીધી હરિરસ-અમલ-કટોરી!

- વેણીભાઈ પુરોહિત

## આજની જોક

અધ્યાપક (વિજયને) : બતાવ, મોગલ સમ્રાટ અકબરનો જન્મ કઈ સાલમાં થયો હતો? અને તેનું મૃત્યુ કઈ સાલમાં થયું હતું?
વિજય : મને ખબર નથી સાહેબ.
અધ્યાપક : મુરખ, ચોપડીમાં જોઈને બતાવ.
વિજય : સાહેબ, આમાં તો લખ્યું છે ૧૫૪૨-૧૬૦૫.
અધ્યાપક : શું તે પહેલાં વંચાયું નહતું?
વિજય : વંચાયું તો હતું. પણ મને એમ કે આ અકબરનો ફોન નંબર હશે!



## કબીર વાણી

**પથ્થર મુખ ના બોલહિ, જો શિર ડારો કુટ;**
**રામ નામ સુમરન કરો, હુજા સબહિ જુઠ.**

**-અર્થાત-**

ગમે માથું કુટીને મરિયે, તોએ પથ્થર કાંઈ મુખથી બોલવાનો છે? માટે તું રામ નામ જપ્યા કર, બાકી બીજું સર્વે છોડ.

## આજનો દિન વિશેષ

### સતીશચંદ્ર વિદ્યાભૂસન

સતીશ ચંદ્ર વિદ્યાભૂષણ (૩૦ જુલાઈ ૧૮૭૦ - ૨૫ એપ્રિલ ૧૯૨૦) સંસ્કૃત અને પાલી ભાષાના બંગાળી વિદ્વાન અને સંસ્કૃત કોલેજના આચાર્ય હતા.

**પ્રારંભિક જીવન**

સતીશ ચંદ્ર વિદ્યાભૂષણનો જન્મ બ્રિટિશ ભારતના રાજબારી જિલ્લામાં ૧૮૭૦માં થયો હતો. તેમના પિતા પિતામ્બર વિદ્યાવાગીશ પંડિત અને ખગોળશાસ્ત્રી હતા. ૧૮૮૮ માં, સતીશ ચંદ્રએ નબદ્વીપ હિંદુ શાળામાંથી પ્રવેશ પાસ કર્યો અને ૧૮૯૨ માં, બી.એ. કૃષ્ણનગર સરકારી કોલેજમાંથી સંસ્કૃત સન્માન સાથે સુવર્ણ ચંદ્રક સાથે. તેઓ કલકત્તા યુનિવર્સિટીમાંથી પાલીમાં એમ.એ.ની ડિગ્રી મેળવનાર પ્રથમ ભારતીય હતા.

**કારકિર્દી** : વિદ્યાભૂષણ ભારતીય તર્કશાસ્ત્ર અને તિબેટીયન બૌદ્ધ ગ્રંથમાં તેમના વિશિષ્ટ જ્ઞાન માટે જાણીતા હતા. તેણે સરતચંદ્ર દાસ સાથે મળીને તિબેટીયન-અંગ્રેજી શબ્દકોશ તૈયાર કર્યો. વિદ્યાભૂષણ અભ્યાસ માટે ૧૯૧૦માં શ્રીલંકા ગયા હતા અને પરત ફર્યા બાદ તેઓ કોલકાતાની સંસ્કૃત કોલેજના પ્રિન્સિપાલ તરીકે નિયુક્ત થયા હતા. તેઓ બૌદ્ધ ટેક્સ્ટ સોસાયટીના સહાયક સંપાદક બન્યા. તેમણે ૨૨ વર્ષ સુધી બાંગિયા સાહિત્ય પરિષદના સામયિકનું સંપાદન કર્યું. વિદ્યાભૂષણ બૌદ્ધ સાહિત્ય, ચાઈનીઝ, જાપાનીઝ, જર્મન અને ફ્રેન્ચ ભાષામાં જ્ઞાન ધરાવતા ભાષાશાસ્ત્રી હતા. વિદ્યાભૂષણ પાસે બૌદ્ધ તિબેટીયન સંસ્કૃતિ, તર્કશાસ્ત્ર, સંસ્કૃત અને ભારતીય ફિલોસોફીની પ્રણાલીઓ પર સંખ્યાબંધ પુસ્તકો છે. ૧૯૦૬માં તેમને મહામહોપાધ્યાયનું બિરુદ મળ્યું અને ૧૯૦૮માં તેમણે પીએચ.ડી.ની પદવી મેળવી.

## રેસીપી : નાળિયેરની ચટણી



**નાળિયેરની ચટણી વિશે** : જો તમને દક્ષિણ ભારતીય ભોજન ગમે છે, તો તમને ખબર જ હશે કે કોઈ પણ ભોજન સ્વાદિષ્ટ કોકોનટ ચટણી રેસીપી વગર પૂર્ણ લાગતું નથી. નરમ ઈડલી હોય કે કરકરી દોસા, આ ક્લાસિક ઈડલી, દોસા અને ઉત્તપમ માટેની કોકોનટ ચટણી ભોજનમાં અદભૂત સ્વાદ ઉમેરે છે. જેને નારીયેલ ચટણી અથવા થંગાઈ ચટણી તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમાં દરેકનો સ્વાદ અને ટેક્સ્ચર અલગ હોય છે. સાદી રોજિંદી બનાવટથી લઈને થોડા મસાલેદાર વિકલ્પો સુધી, આ ચટણી ઝડપી, સરળ અને ભારતીય રસોડામાં અનિવાર્ય છે.

**કોકોનટ ચટણી બનાવવા માટે** : ૧ કપ ખમણેલું નાળિયેર, ૨ સમારેલા લીલા મરચાં, ૧ ટીસ્પૂન ખમણેલું આદુ, ૧ ટેબલસ્પૂન શેકેલા ચણાની દાળ, મીઠું સ્વાદાનુસાર વઘાર માટે ૧/૨ ટીસ્પૂન રાઈ, ૧ પંડી મરચાં, ટુકડા કરેલા, ૨ થી ૩ કડી પત્તા ૧ ટીસ્પૂન તેલ

**વિધિ : કોકોનટ ચટણી બનાવવા માટે** : કોકોનટ ચટણી બનાવવા માટે, કોકોનટ, લીલા મરચાં, આદુ, શેકેલા ચણાની દાળ અને મીઠું એક બ્લેન્ડરમાં થોડું પાણી સાથે મૂકો અને બારીક પેસ્ટ બનાવવા માટે પીસી લો. બાજુ પર રાખો. તેલ ગરમ કરીને અને રાઈના દાણા, લાલ મરચું અને મીઠા લીમડાના પાન ઉમેરીને વઘાર તૈયાર કરો અને રાઈના દાણા તતડે ત્યાં સુધી હલાવો. આ વઘારને ચટણી પર રેડો અને સારી રીતે મિક્સ કરો.**કોકોનટ ચટણીને ફ્રિજમાં રાખો અને જરૂર મુજબ ઉપયોગ કરો.**

# આગામી ૩૧ જુલાઈના રોજ નવસારી જિલ્લા ભારે વરસાદની આગાહીને પગલે વહીવટીતંત્ર સતર્ક

## નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને પૂર્વ તૈયારી અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૨૯**

ભારતીય હવામાન વિભાગ દ્વારા તા.૩૧ જુલાઈ,૨૦૨૬ દરમિયાન નવસારી જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ આગાહીના અનુસંધાને સંભવિત પરિસ્થિતિનો અસરકારક રીતે સામનો કરી શકાય તે માટે નવસારી જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે પૂર્વ તૈયારી અને સાવચેતીના પગલાં અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન તાજેતરમાં જિલ્લામાં પડેલા ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિ દરમિયાન દરેક તાલુકામાં હાથ ધરાયેલી બચાવ, રાહત અને પુનઃસ્થાપન કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ વિવિધ અધિકારીઓ પાસેથી સ્થળ પરના અનુભવો, પડકારો અને કામગીરી અંગે રૂબરૂ માહિતી મેળવી આગામી ભારે વરસાદ દરમિયાન વધુ ઝડપી પ્રતિસાદ, અસરકારક સંકલન, જોખમગ્રસ્ત વિસ્તારોમાં પૂર્વ આયોજન, સ્થળાંતર, જરૂરી સાધનસામગ્રીની ઉપલબ્ધતા તથા જનસુરક્ષાને કેન્દ્રમાં રાખી લેવામાં આવનારા પગલાં અંગે સઘન ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ જિલ્લાના ખાસ કરીને નિચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા નાગરિકોને ભારે વરસાદ દરમિયાન સંપૂર્ણ સાવચેતી રાખવા, બિનજરૂરી અવરજવર ટાળવા, નદી-નાળા અને પાણી ભરાયેલા વિસ્તારોની નજીક જવાનું ટાળવા તેમજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમયાંતરે આપવામાં આવતી સૂચનાઆનું કડક પાલન કરવા અપીલ કરી હતી. સાથે જ તમામ નાગરિકોને વહીવટી તંત્રને સંપૂર્ણ સહયોગ આપવા અનુરોધ કર્યો હતો, જેથી કોઈપણ સંભવિત પરિસ્થિતિમાં




અસરકારક કામગીરી કરી રાખી શકાય.

બેઠકમાં જિલ્લાના તમામ પ્રાંત અધિકારીઓ, ડી.વાય.એસ.પી.,નાયબ કલેક્ટરશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ સહિતના વહિવટી તંત્રન અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી,મ્યુનિસિપલ કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય, પોલીસ અધિક્ષક શ્રી રાહુલ પટેલ તેમજ જિલ્લા વહીવટીતંત્રના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દીવ પ્રશાસન દ્વારા વાસોજ ગામમાં ડિમોલેશન કાર્યવાહી દરમિયાન ગ્રામજનોનો વિરોધ, માપણી બાદ આવતીકાલ સુધી જમીન ખાલી કરવા સૂચના





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૯**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ નજીક આવેલા ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વાસોજ ગામમાં આજે દીવ પ્રશાસન દ્વારા સરકારી જમીન પર થયેલા કથિત ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન ગ્રામજનોએ ઉગ્ર વિરોધ નોંધાવતા પ્રશાસન અને ગ્રામજનો વચ્ચે ભારે બોલાચાલી અને હોબાળો સર્જાયો હતો.

માહિતી મુજબ, વાસોજ ગામમાં દીવ પ્રશાસનની આશરે ૮,૬૦૦ ચોરસ મીટર સરકારી જમીન આવેલી છે, જે દીવ જિલ્લાના પાણી પુરવઠાની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સંપાદિત કરવામાં આવી હતી. આ જમીન પર થયેલા કથિત ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા આજે સવારે દીવ પ્રશાસનની ટીમ સ્થળ પર પહોંચી હતી.

ડિમોલેશનની કાર્યવાહી શરૂ થતાં જ ગ્રામજનોએ વિરોધ નોંધાવી પ્રશાસન સમક્ષ પ્રથમ જમીનની માપણી કરવાની માંગ કરી હતી. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, યોગ્ય માપણી કર્યા વિના તેઓ કોઈપણ પ્રકારની ડિમોલેશન કાર્યવાહી થવા દેશે નહીં.ત્યારબાદ દીવના ડેપ્યુટી કલેક્ટર શ્રી શિવમ મિશ્રા તથા મામલતદાર શ્રી ધર્મેશ દમણીયાની હાજરીમાં સરકારી કર્મચારીઓ દ્વારા સ્થળ પર જમીનની માપણી કરવામાં આવી હતી. જોકે, માપણી પૂર્ણ થયા બાદ પણ સ્થાનિક રહેવાસીઓએ અસંતોષ વ્યક્ત કર્યો હતો. ચર્ચા દરમિયાન રહેવાસીઓએ પ્રશાસનને બાંહેધરી આપી હતી કે માપણી મુજબ જે પણ બાંધકામ સરકારી જમીનમાં આવતુ હશે તે તેઓ સ્વૈચ્છિક રીતે દૂર કરી સરકારી જમીન ખાલી કરી આપશે. આ ચર્ચા બાદ દીવ પ્રશાસન દ્વારા રહેવાસીઓને આવતીકાલે સવારે સુધીમાં સરકારી જમીન પરનો કબજો તથા બાંધકામ દૂર કરીને જમીન સંપૂર્ણપણે ખાલી કરી આપવા સૂચના આપવામાં આવી છે.

# નાણાકીય વર્ષ ૨૭ ના પહેલા ત્રિમાસીમાં અદાણી પોર્ટસના એબિડટામાં ૧૯% વૃદ્ધિઃ આંતરરાષ્ટ્રીય બંદરોનો એબિડટા ૨૫૬% વધ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૨૯**

ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન સંચાલક અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (APSEZ) એ ૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે.

આ સમય દરમિયાન વાર્ષિક ધોરણે આવક ૧૯% વધી ₹.૧૦,૮૨૧ કરોડ થઈ છે. ગત વર્ષના સરખા ગાળામાં ₹.૯,૧૨૬ કરોડ હતી. જ્યારે સમીક્ષાના ગાળામાં એબિડટા ૧૯% વધી ₹.૬૫૪૧ કરોડ પ્રાપ્ત થયો છે ગત વર્ષે ₹.૫,૪૯૫ કરોડ હતો. કર બાદનો નફો ૧૦₹ વધી ₹.૩,૬૫૦ કરોડ થયો હતો જે પાછલા વર્ષમાં ₹.૩,૩૧૧ કરોડ હતો.

આ ગાળામાં ઓસ્ટ્રેલિયા અને કોલંબોમાં મજબૂત પ્રદર્શનને કારણે આંતરરાષ્ટ્રીય બંદરોએ મજબૂત વૃદ્ધિ સાથે વાર્ષિક ધોરણે આવક ૮૦% વધીને ₹.૧,૭૪૭ કરોડ થઈ અને એબિડટા ૨૫૬% વધીને ₹.૭૩૦ કરોડ નોંધાયો છે., આ પ્રદર્શન અદાણી પોર્ટસના વિદેશી પોર્ટફોલિયોની વધતી પરિપક્વતા દર્શાવે છે. ચાલુ ઓફશોર જહાજના કાફલામાં ઉમેરા અને યુરોપિયન સબ-સી વિસ્તરણને કારણે દરિયાઈ આવક વાર્ષિક ધોરણે ૬૭% વધીને ₹.૯૦૧ કરોડ થઈ છે.

સમીક્ષાના સમય દરમિયાન કાર્ગોના વોલ્યુમમાં વૃદ્ધિ, ચડિયાતું ઉત્પાદન મિશ્રણ અને ઉચ્ચ પ્રાપ્તિને કારણે સ્થાનિક બંદરોની આવક વાર્ષિક ધોરણે ૧૨% વધી છે. શ્રેષ્ઠ-ઈન-ક્લાસ એબિડટા માર્જિન ૭૪% રહ્યો છે. S&P ગ્લોબલ રેટિંગ્સે અદાણી પોર્ટસના લાંબા ગાળાના ઈશ્યુઅર ક્રેડિટ રેટિંગ અને તેના સિનિયર અનસિક્યોર્ડ નોટ્સ પર ઈશ્યુ રેટિંગને સ્થિર સાથે BBB- થી BBB માં અપગ્રેડ કર્યું છે. CARE રેટિંગ અને ICRA લિ.એ કંપનીના સર્વોચ્ચ શક્ય સ્થાનિક રેટિંગ AAA ને પુનઃપુષ્ટિ આપી છે.

અદાણી પોર્ટસ અને સેઝ ટાસ્કફોર્સ ઓન નેચર-રિલેટેડ ફાઈનાન્શિયલ ડિસ્કલોઝર (TNFD) રિપોર્ટ બહાર પાડનારી પ્રથમ ભારતીય પરિવહન કંપની બની છે.

અદાણી પોર્ટસના પૂર્ણકાલિન ડિરેક્ટર અને મુખ્ય કારોબારી અધિકારી અશ્વની ગુપ્તાએ આ પરિણામો વિષે જણાવ્યું હતું કે, આ સમય દરમિયાનનું પ્રદર્શન ભૌગોલિક, કોમોડિટીઝ અને ગ્રાહકોમાં મલ્ટી-મોડલ એસેટ બેઝ સાથે વૈશ્વિક પહોંચને જોડી અમારા વૈવિધ્યસભર વ્યવસાય મોડેલની મજબૂતાઈ પર ભાર મૂકે છે. અમારા સ્થાનિક બંદર વ્યવસાયની મજબૂત વૃદ્ધિનું કંપનીની કમાણીનો આધાર રહ્યો છે. તેમણે કહ્યું હતું કે સમીક્ષાના સમયમાં આંતરરાષ્ટ્રીય બંદરો, મરીન અને લોજિસ્ટિકસના નિર્ણાયક સ્કેલ-અપથી સ્કેલ-વેલ્યુ તરફનું સંક્રમણ આવક વૃદ્ધિ અને નફાકારકતાના મહત્વના વાહકો બની રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, વ્યવસાયોમાં આ સંતુલિત વૃદ્ધિ ૨૦૩૧ સુધીમાં અમારી મહત્વાકાંક્ષાને પ્રાપ્ત કરવામાં અમારા વિશ્વાસને મજબૂત બનાવે છે. ૨૦૩૦ સુધીમાં ૧,૦૦૦ MMT કાર્ગોના લક્ષ્યને સિધ્ધ કરવા માટે સ્થાનિક ક્ષમતા વિસ્તરણ કાર્યક્રમ, વધતા જતા આંતરરાષ્ટ્રીય પોર્ટફોલિયો અને લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમથી સમર્થિત, APSEZ વૈશ્વિક સ્તરે સંબંધિત પરિવહન પ્લેટફોર્મ બનાવી રહ્યું છે.

### ભારે વરસાદથી પૂરમાં ધોવાયેલા રસ્તાની

# ચીખલી અને ખેરગામ તાલુકા પંચાયત માર્ગ અને મકાન વિભાગની ૮ ટીમ દ્વારા ૩૦ જેટલા રસ્તાની યુદ્ધના ધોરણે મરામતની કામગીરી હાથ ધરાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૯**

દક્ષિણ ગુજરાત સહિત ચીખલી સહિત ખેરગામ તાલુકામાં તારીખ-૨૩મીના રોજ થયેલ ભારે વરસાદના કારણે નદી-નાળાઓમાં આવેલા પૂરને લીધે ખાસ કરીને ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારાને જોડતા લો-લેવલ કોઝવે અને માઈનોર બ્રિજ પર પાણી ફરી વળ્યા હતા. પાણીનો ધસમસતો પ્રવાહ ઉપરથી પસાર થવાના કારણે માર્ગો અને બ્રિજને ભારે નુકસાન પહોંચ્યું હતું. જેના કારણે અનેક ગામડાઓનો સંપર્ક તૂટી ગયો હતો ભારે વરસાદના કારણે ચીખલી તાલુકામાં ૩૦થી વધુ રસ્તાઓ પરના લો-લેવલ કોઝવે અને માઈનોર બ્રિજ પર થયેલ વરસાદી પૂરના પાણીના લીધે થયેલ ઓવરટોપીગના કારણે થયેલ નુકસાનની મરામતની કામગીરી ચીખલી પંચાયત માર્ગ અને મકાન દ્વારા યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે, ભારે વરસાદ દરમિયાન લો-લેવલ કોઝવે પર પાણી ફરી વળ્યા હતા.પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે, કોઝવેના કિનારેથી પ્રોટેક્શન વોલ અને ડામરનો રોડ ધોવાઈ ગયો હતો. જેના કારણે અવર-જવર માટે વાહનવ્યવહાર સંપૂર્ણ પણે ઠપ થઈ ગયો હતો. પરંતુ રાહતની વાત એ છે કે, પૂરના પાણી ઓસરતાં તાત્કાલિક ધોરણે પંચાયત માર્ગ અને મકાનના અધિકારી અને કર્મચારીઓ સ્થળ પર પહોંચી આધુનિક સાધનો રોલર, જેસીબી અને ૬૦ જેટલા મજૂરોથી યુદ્ધના ધોરણે પડેલા ખાડાઓ પૂરમાં ધોવાઈ ગયેલી માટી અને પથ્થરોની જગ્યાએ નવું મેટલિંગ




સાથે પ્રોટેક્શન માટેનું તાત્કાલિક કામ હાથ ધરવામાં આવ્યું હતું. ઓવરટેપિંગ થવાથી રસ્તાઓ ધોવાયા હતા. પ્રજાજનોને અને સ્થાનિક નાગરિકોને અવર-જવરમાં તકલીફ ન પડે તે માટે પંચાયત માર્ગ અને મકાનની સંપૂર્ણ ટીમ દ્વારા રાત દિવસ કામ કરી હતી.

# ચીખલીમાં જાહેર સ્થળે બાયો-મેડિકલ વેસ્ટનો નિકાલ કરતા રોગચાળો ફેલાવાની ભીંતિ



## ખાનગી હોસ્પિટલ સામે સ્થાનિકોમાં રોષ ફેલાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૯**

ચીખલીમાં જાહેર સ્થળે બાયો-મેડિકલ વેસ્ટનો નિકાલ કરતા રોગચાળો ફેલાવાની ભીતિ વચ્ચે ખાનગી હોસ્પિટલ સામે સ્થાનિકોમાં રોષ ફેલાવા પામ્યો છે

જયદીપ શોપિંગ સેન્ટર નજીક મેડિકલ વેસ્ટ સળગાવતા ઝેરી ધુમાડા અને અસ્વચ્છતાથી વેપારીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો.

ચીખલીના જયદીપ શોપિંગ સેન્ટર પાસે ખાનગી હોસ્પિટલ સાથે સંકળાયેલી નર્સ છેલ્લા કેટલાક દિવસોથી જાહેર જગ્યામાં મેડિકલ વેસ્ટ ઠાલવી તેને સળગાવતા મેડિકલ વેસ્ટમાંથી નીકળતા ઝેરી ધુમાડાના કારણે આસપાસના વેપારીઓ અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ત્યારે બુધવારે બપોરના સમયે ખાનગી હોસ્પિટલનો સ્ટાફ દ્વારા જાહેર સ્થળે મેડિકલ વેસ્ટ નાંખવા જતા જ વેપારીઓ દોડી જઈ સમગ્ર બાબતે વિડીયો બનાવી દીધો હતો. જાહેર સ્થળે બાયો-મેડિકલ કચરાંનો નિકાલને પગલે કચરાંમાં વપરાયેલી સિરિન્જ, ગ્લોઝ, કોટન,પટ્ટીઓ અને અન્ય ચેપજન્ય સામગ્રીનો સમાવેશ થતો હોય છે. આવા કચરાંના સંપર્કમાં આવવાથી ચેપજન્ય રોગો ફેલાવાની શક્યતા વધી જાય છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને રખડતા પશુઓ માટે આ પ્રકારનો કચરો વધુ જોખમકારક હોય હાલે ચોમાસાની ઋતુ દરમિયાન આવા કચરાંના કારણે દુર્ગંધ ફેલાવા સાથે ઉપરાંત મચ્છર અને અન્ય જીવાતોનો ઉપદ્રવ પણ વધવાની સંભાવના પણ નકારી શકાય તેમ નથી.

# દીવ ભાજપ દ્વારા સંત શિરોમણી ગુરુ રવિદાસ મહારાજને પુષ્પાંજલિ અર્પણ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૯**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સંત શિરોમણી શ્રી ગુરૂ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ અંતર્ગત પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

દીવ ભાજપ કાર્યાલય ખાતે આજે સવારે દીવ ભાજપના અધ્યક્ષ શ્રી મોહનભાઈ લખમણના નેતૃત્વ હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંત શિરોમણી શ્રી ગરૂ રવિદાસ મહારાજના ચિત્રને પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાસુમન અર્પિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ભાજપના મંત્રી તથા કાઉન્સિલરે શ્રી ગુરૂ રવિદાસ મહારાજના જીવનચરિત્ર અને તેમના આદર્શો વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે ગુરૂ રવિદાસ મહારાજે પોતાના સમગ્ર જીવન દરમિયાન સમરસતા, સમાનતા, માનવતા અને સામાજિક એક્તાનો સંદેશ સમાજને આપ્યો હતો.

આ કાર્યક્રમમાં દીવ ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સંત શિરોમણી શ્રી ગુરૂ રવિદાસ મહારાજને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# દીવ ઓમકારનાથ મહાદેવ ખાતે ગુરૂ પૂર્ણિમા નિમિત્તે ધાર્મિક કાર્યક્રમો યોજાયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૯**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ કિલ્લા મેઈન રોડ પર સ્થિત ઓમકારનાથ મહાદેવ મંદિર પર દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુરૂ પૂર્ણિમા નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂ પૂર્ણિમાને લઇ આજે સવારથી જ ઓમકારનાથ મંદિર પર ભક્તો દ્વારા મહાદેવની પૂજા અર્ચના વગેરે ભક્તિભાવ સાથે શ્રદ્ધાંળઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ બપોરે ભજન કીર્તન તથા મહાપ્રસાદનું પણ આયોજન થયું હતું.

આ સમગ્ર કાર્યક્રમની પૂજા શાસ્ત્રી વિક્રમભાઈ પંડ્યા દ્વારા મત્રોચાર સાથે કરાવવામાં આવી હતી. ગુરુ પૂર્ણિમાના આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા ઓમકારનાથ મંડળની મહિલાઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ફરજ સાથે સેવાકાર્યની મહેકઃ વલસાડ માહિતી કચેરી બની સરકાર અને પ્રજા વચ્ચે મજબૂત સેતુરૂપ

# ઉમરગામના અંદાજે ૧૫૦૦થી વધુ પૂર અસરગ્રસ્તો સુધી પહોંચાડી રાહત સામગ્રી

**માહિતી કચેરીના અધિકારી અને કર્મચારીઓએ પણ સેવાકાર્યમાં પોતાનું યોગદાન આપ્યુંઃ વલસાડના સેવા મિત્ર મંડળ અને ઉમિયા સોશિયલ ટ્રસ્ટના સહયોગથી જીવન જરૂરી વસ્તુઓ પૂર પીડિતો સુધી પહોંચતી કરાઈઃ ઉમરગામના અંકલાસ, નગવાસ અને ઝરોલી ગામમાં વિનાશક પૂરે ભારે તબાહી સર્જતા અનેક લોકોની હાલત દયનીય બની હતી**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

વલસાડ જિલ્લામાં વર્ષ ૧૯૬૮ બાદ તા.૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ પડેલા અભૂતપૂર્વ વરસાદ અને વિનાશક પૂરના કારણે ઉમરગામ તાલુકાના અનેક ગામોમાં ભારે તારાજી સર્જાઈ હતી. પૂરના પાણી ઓસર્યા બાદ અનેક પરિવારો ઘરવિહોણા બન્યા હતા, જ્યારે કેટલાક પરિવારો આજે પણ કાદવ-કીચડ વચ્ચે મુશ્કેલીભર્યું જીવન જીવવા મજબૂર બન્યા છે. અસરગ્રસ્તોની કરૂણ સ્થિતિ જોઈ કોઈનું પણ હૃદય દ્રવી ઊઠે તેવી પરિસ્થિતિ વચ્ચે અનેક સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ માનવસેવા માટે આગળ આવ્યા હતા.

આ જ સંવેદનાને સાકાર કરતાં ગુજરાત સરકારની વલસાડ જિલ્લા માહિતી કચેરીએ વલસાડના સેવા મિત્ર મંડળ અને ઉમિયા સોશિયલ ટ્રસ્ટના સહયોગથી ઉમરગામ તાલુકાના અંકલાસ, નગવાસ અને ઝરોલી ગામના કુલ ૧૩ ફળિયામાં અંદાજે ૧૫૦૦થી વધુ પૂર અસરગ્રસ્તો સુધી રાહત સામગ્રી પહોંચાડી માનવતાની મહેક પ્રસરાવી છે.

વલસાડ જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકની ટીમે પૂરગ્રસ્ત વિસ્તારોના કવરેજ દરમિયાન અસરગ્રસ્ત પરિવારોની દયનીય સ્થિતિ નિહાળી તેમને તાત્કાલિક સહાય મળે તે માટે કચેરીના સ્ટાફને શક્ય તેટલી મદદ માટે આહ્વાન કર્યુ હતું. કચેરીના અધિકારીઓ-કર્મચારીઓએ પણ તમામ બનતી મદદ કરી હતી. ત્યારબાદ સેવા મિત્ર મંડળના સેવકશ્રી અક્ષયભાઈ સોની તથા ઉમિયા સોશિયલ ટ્રસ્ટના કેપ્ટનશ્રી અશોકભાઈ પટેલનો સંપર્ક કરવામાં આવતા બંને સંસ્થાઓએ તાત્કાલિક સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી.

સેવા મિત્ર મંડળ દ્વારા એક ટેમ્પો ભરેલી રાહત સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેમાં નાસ્તો, કપડાં, સ્કૂલ યુનિફોર્મ, ટૂથબ્રશ, શેમ્પુ તથા શુદ્ધ પીવાના પાણીની બોટલોનો સમાવેશ થતો હતો. જ્યારે ઉમિયા સોશિયલ ટ્રસ્ટ દ્વારા વસ્ત્રદાન અને અનાજની કિટ્સ આપવામાં આવી હતી. આ સિવાય માહિતી કચેરીના અધિકારી-કર્મચારીઓએ પણ વસ્ત્રો દાન માટે આપ્યા હતા.

જિલ્લા માહિતી કચેરીની ટીમે અંકલાસના આગેવાન શ્રી રવુભાઈ વળવી, ઝરોલીના સરપંચશ્રી રેખાબેન પટેલ તથા નગવાસના ઉપસરપંચશ્રી દિલીપભાઈ સહિતના સ્થાનિક આગેવાનોના સહયોગથી રાહત સામગ્રીનું વિતરણ કરી અંકલાસ, નગવાસ અને ઝરોલી ગામના કુલ ૧૩ ફળિયામાં રહેતા અંદાજે ૧૫૦૦થી વધુ પૂર અસરગ્રસ્ત પરિવારો સુધી જરૂરી સહાય પહોંચાડી માનવતાની મહેક પ્રસરાવી હતી.

જિલ્લા માહિતી કચેરીએ આ કામગીરી દ્વારા માત્ર સરકારની યોજનાઓ અને કામગીરીને લોકો સુધી પહોંચાડવાની પોતાની જવાબદારી જ નહીં, પરંતુ સરકાર અને પ્રજા વચ્ચે સંવેદનશીલ તથા વિશ્વસનીય સેતુ તરીકની ભૂમિકા પણ સફળતાપૂર્વક નિભાવી હોવાનું ચરિતાર્થ કર્યું છે.

## સેવા મિત્ર મંડળ દ્વારા અપાયેલા ૮૫૦ સ્કૂલ યુનિફોર્મનું વિતરણ કરાતા બાળકોના ચહેરા ખીલી ઉઠ્યા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**



સેવા મિત્ર મંડળ દ્વારા આપવામાં આવેલા અંદાજે ૮૫૦ જેટલા સ્કૂલ યુનિફોર્મનું આંગણવાડી તથા પ્રાથમિક શાળાના બાળકોને વિતરણ કરવામાં આવ્યું હતું. નવા યુનિફોર્મ મળતાં બાળકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. ઉપરાંત રાહત સામગ્રી અને જીવનજરૂરી ચીજવસ્તુઓ મળતાં અનેક જરૂરિયાતમંદ પરિવારોને મોટી રાહત મળી હતી. સહાય બદલ પૂર અસરગ્રસ્તોએ ગુજરાત સરકાર, જિલ્લા માહિતી કચેરી તેમજ સેવા મિત્ર મંડળ અને ઉમિયા સોશિયલ ટ્રસ્ટ પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## વિનાશક પૂર વચ્ચે ઉમરગામના એકલેરાના પાંચ યુવાનો બન્યા ૨૬ લોકો માટે 'દેવદૂત'



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

વલસાડ જિલ્લામાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ નિર્માણ પામી હતી. અવિરત ભારે વરસાદ અને ઉપરવાસમાંથી આવતા પાણીના કારણે નદીઓ ગાંડીતૂર બનતા અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. ખાસ કરીને ઉમરગામ તાલુકામાં આભ ફાટ્યા જેવી ભયાનક સ્થિતિ સર્જાઈ હતી. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. વહીવટી તંત્ર અને બચાવ દળોને પણ બંધ રસ્તાઓ તેમજ ભૌગોલિક અને ખરાબ હવામાનના કારણે પહોંચવામાં મુશ્કેલી પડી હતી. ત્યાં માનવતા અને સાહસનું એક એવું અદ્ભૂત ઉદાહરણ સામે આવ્યું છે, જે નિરાશાના ઘનઘોર વાદળો વચ્ચે આશાનું સૂર્યકિરણ બનીને આવ્યા એકલારા ગામના પાંચ યુવાનો જેઓ ૨૬ લોકો માટે દેવદુત બન્યા.

ઉમરગામ તાલુકાના એકલારા ગામના ભગત ફળિયામાં પ્રકૃતિએ સર્જેલી આ હોનારતનો સૌથી ભયાનક ચહેરો જોવા મળ્યો. રાત્રે ૧:૦૦ વાગ્યાના સુમારે જ્યારે લોકો ગાઢ નિંદ્રામાં હતા, ત્યારે અચાનક જ પૂરના ધસમસતા પાણી ઘૂસી આવ્યા હતા. જોતજોતામાં જળસ્તર એટલુ ઝડપથી વધ્યું કે બે ઘરો સંપૂર્ણપણે ડૂબી ગયા હતા.

જીવ બચાવવા માટે ત્રણ પરિવારાના કુલ ૨૬ સભ્યોએ એક ઘરની પતરાંવાળી નબળી છત પર આશરો લીધો. આ ૨૬ લોકોમાં માસૂમ બાળકો, અશક્ત વૃદ્ધો અને મહિલાઓ પણ સામેલ હતા. સમગ્ર જિલ્લામાં પૂરની કપરી પરિસ્થિતિ હોવાથી સંપર્ક તૂટી ગયો હતો. વરસાદની થપાટો અને નીચે ધસમસતા પૂરના ભય વચ્ચે આ ૨૬ જીવોએ કાળમીંઢ અંધારામાં આખી રાત મોતની છાયામાં વિતાવી હતી.

**આલેખન**
**- સલોની પટેલ**

પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ, ત્યારે ફળિયાના પાંચ સાહસિક યુવાનો સંકટમોચન બનીને આગળ આવ્યા. ત્યારે આ રિયલ લાઈફ હીરોઝ ૧. વિજય વારલી, ૨. રાહુલ હળપતિ, ૩. પંકેશ હળપતિ, ૪. જીગ્નેશ વારલી અને ૫. સચિન હળપતિએ પોતાની જિંદગીનો મોહ ભલભલાને ડરાવી દે છે, ત્યારે આ પાંચ યુવાનોએ પોતાની પરવા કર્યા વિના મોતની આંખમાં આંખ મિલાવવાનું નક્કી કર્યું. આ યુવાનો પાસે કોઈ આધુનિક રેસ્ક્યુ બોટ કે લાઈફ જેકેટ ન હતા, પરંતુ તેમની પાસે અદમ્ય સાહસ અને હૈયામાં માનવતાનો જુસ્સો હતો. માત્ર દોરડા અને ટાયરની ટ્યુબના સહારે તેઓ ધસમસતા પૂરમાં કૂદી પડ્યા. પાણીનો પ્રવાહ એટલો તેજ હતો કે કોઈ પણ સામાન્ય માણસ ત્યાં જતાં જ ડરી જાય.

આ યુવાનોએ એક બુદ્ધિપૂર્વકની રણનીતિ અપનાવી. નજીકમાં આવેલા એક પાકા મકાનની છત પરથી દોરડું બાંધીને આ યુવાનો પતરાંવાળા મકાન સુધી જીવના જોખમે તરીને પહોંચ્યા. ત્યારબાદ ટ્યુબની મદદથી વારાફરતી બાળકો, વૃદ્ધો અને મહિલાઓને અત્યંત સાવચેતીપૂર્વક પહેલા પાકા મકાનની છત સુધી લાવવામાં આવ્યા. આટલેથી જ આ મહાસંઘર્ષ પૂરો નહોતો થયો, ત્યારબાદ ગળાડૂબ પાણીમાં દોરડું અને ટ્યુબ પકડીને, માનવ સાંકળ રચીને આ તમામ ૨૬ લોકોને પૂરના ધસમસતા પ્રવાહ વચ્ચેથી અડધો કિલોમીટર દૂર સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા.

જ્યારે કોઈ અત્યંત કપરી અને અણધારી પરિસ્થિતિમાં ફસાઈ જાય છે, ત્યારે સ્થાનિક લોકોની હિંમત અને એક્તા જ સૌથી મોટો સહારો બને છે. વિજય, રાહુલ, પંકેશ, જીગ્નેશ અને સચિને કરેલું આ કાર્ય માત્ર એક રેસ્ક્યુ ઓપરેશન નથી, પરંતુ આપત્તિ વ્યવસ્થાપન અને સામુદાયિક એકતાની એક મિશાલ કાયમ કરી છે.

વાપીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છીરી ખાતે

## ઉચ્ચ આરોગ્ય અધિકારીઓની મુલાકાત, પાણીના ક્લોરીનેશન અને રોગચાળા નિયંત્રણ અંગે અપાયું સઘન માર્ગદર્શન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

ચોમાસાની ઋતુમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાને અટકાવવા તથા લોકોના સ્વાસ્થ્યની સુખાકારી સુનિશ્ચિત કરવાના ભાગરૂપે આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે તાજેતરમાં ઉચ્ચ આરોગ્ય અધિકારીઓ દ્વારા વાપી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પીએચસી)છીરી અને તેના કાર્ય વિસ્તારની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

મુલાકાતમાં ડિસ્ટ્રિક્ટ ક્વાલિટી એસ્યોરન્સ મેડિકલ ઓફિસર (DQAMO) તથા વાપીના લાઈઝન ઓફિસર સાહેબશ્રી અને ડિસ્ટ્રિક્ટ મેલેરિયા ઓફિસર (DMO) સાહેબશ્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અધિકારીશ્રીઓ દ્વારા પીએચસી છીરીની કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ફિલ્ડમાં કામ કરતા આરોગ્યકર્મીઓને સચોટ માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. ખાસ કરીને ચોમાસામાં દૂષિત પાણીના કારણે ફેલાતા રોગોને રોકવા માટે પીવાના પાણીના સોર્સનું યોગ્ય ક્લોરીનેશન થાય તે સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, 'નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ' (NVBDCP) અંતર્ગત મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના નિયંત્રણ માટે સર્વેલન્સ વધારવા અને અસરકારક કામગીરી કરવા અંગે પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

## વલસાડ જિ.પં. પ્રમુખ દ્વારા પૂર અસરગ્રસ્તોને અનાજ કિટ્સ અને રાહત સામગ્રીનું વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

વલસાડ જિલ્લામાં પડેલા ભારે વરસાદ અને પૂરના કારણે અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું છે. આવા કપરા સમયે વલસાડ જિલ્લા પંચાયત દ્વારા પૂરગ્રસ્ત પરિવારોને મદદરૂપ થવા માટે સઘન રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. પૂરના કારણે જે પરિવારોને નુકસાન થયું છે અને પ્રાથમિક જરૂરિયાતોની અછત ઊભી થઈ છે, તેમને રાહત પહોંચાડવાના હેતુથી અનાજની કિટ્સ અને અન્ય જીવનજરૂરી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ અને તેજસભાઈ પટેલ સહિતના મહાનુભાવો દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં અનાજની કિટ્સ, ઘરવપરાશની સામગ્રી અને બાળકોના શિક્ષણને નુકસાન નહીં થાય તે માટે સ્કૂલ બેગ્સ અર્પણ કરવામાં આવી હતી.

લોકોની મુશ્કેલીઓ સાંભળીને તેમને હૂંફ અને સાંત્વના આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ગ્રામજનોને હૈયાધારણ આપતા તેમણે જણાવ્યું હતું કે, આ આફતના સમયે સરકાર અને વહીવટી તંત્ર લોકોની પડખે ઊભા છે. રાજ્ય સરકાર દ્વારા નિયમો મુજબ અસરગ્રસ્તોને મળવાપાત્ર તમામ સહાય સત્વરે પૂરી પાડવામાં આવશે તેવી ખાતરી પણ તેમણે આપી હતી.

## વાણિયામીલ હાઈસ્કૂલ આંતલિયા દ્વારા પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને અનાજ કિટ અને શૈક્ષણિક સહાયનું વિતરણ



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૯**

તાજેતરમાં ભારે વરસાદ અને પૂર જેવી વિકટ પરિસ્થિતિના કારણે અસરગ્રસ્ત બનેલા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને સહાયરૂપ થવા માટે વાણિયામીલ હાઈસ્કૂલ, આંતલિયા, શાળા મંડળ તથા શાળા પરિવાર દ્વારા માનવતાભર્યું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

આ પહેલ અંતર્ગત કુલ ૨૪ અનાજની કીટો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના પરિવારોને વિતરણ કરવામાં આવી હતી. જેમાં શાળા પરિવારના સભ્ય શ્રી પ્રજેશભાઈ ગરાળા દ્વારા ૧૫ અનાજની કીટો તથા અન્ય શાળા પરિવારના સભ્યો દ્વારા ૯ અનાજની કીટો આપવામાં આવી હતી.

આ ઉપરાંત, પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓનો અભ્યાસ ખોરવાય ન બને તેવા ઉદ્દેશ્યથી ૫૦ જેટલા વિદ્યાર્થીઓને નોટબૂક અને શૈક્ષણિક પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ નોટબૂકો માતૃશ્રી શાંતાબેન ત્રિભુવનદાસ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા પ્રાપ્ત થઈ હતી, જે અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવી હતી.

આ વિકટ સમયમાં શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકમિત્રોએ જાતે અસરગ્રસ્ત વિદ્યાર્થીઓના ઘરે જઈ તેમની મુલાકાત લીધી, તેમના પરિવારની પરિસ્થિતિ જાણી, તેમને સહાનુભૂતિ અને હિંમત આપી તેમજ બાળકોનો અભ્યાસ સતત ચાલું રહે તે માટે જરૂરી માર્ગદર્શન અને આયોજન પણ કરવામાં આવ્યું છે.

વાણિયામીલ હાઈસ્કૂલ, આંતલિયાનો શાળા પરિવાર માને છે કે આવી આપત્તિની ઘડીએ સમાજ, દાતાશ્રીઓ અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી જ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ સુધી સમયસર સહાય પહોંચાડી શકાય છે. આ સેવાકાર્યમાં સહભાગી બનેલા શાળા મંડળ, શાળા પરિવારના તમામ સભ્યો, દાતાશ્રીઓ તથા માતૃશ્રી શાંતાબેન ત્રિભુવનદાસ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત પ્રત્યે શાળા પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

માનવતા, સહકાર અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું આ કાર્ય સમાજ માટે પ્રેરણારૂપ બની રહે તેવી આશા સાથે શાળા પરિવાર ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓના સર્વાંગી કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ રહેશે.

## વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા પૂરને ધ્યાને લઈ કૈલાસ રોડ પર સર્વ રોગ નિદાન ચિકિત્સા કેમ્પ યોજાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, વલસાડના માર્ગદર્શન હેઠળ આજરોજ ગુરૂપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પનું આયોજન માનવ ઉત્થાન સેવા સમિતિ, વલસાડ શાખા તથા સરકારી આયુર્વેદ દવાખાના, તીથલના સંયુક્ત ઉપક્રમે માનવ ઉત્થાન સેવા સમિતિ, મોગરાવાડી, કૈલાસ રોડ વલસાડ ખાતે કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રીમતી ઉર્વીબેન પટેલે વિશેષ હાજરી આપી હતી.

તા.૨૩ જુલાઈએ વલસાડ જિલ્લામાં આવેલા પૂરને ધ્યાને લઈ આરોગ્યની સંભાળ આયુર્વેદિક ઉપચાર દ્વારા થાય તે માટે રોગપ્રતિરોધક શક્તિ વર્ધક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા આયુર્વેદિક ઔષધીય રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ડૉ.ધર્મિષ્ઠા અજય પટેલ, મેડિકલ ઓફિસર, સરકારી આયુર્વેદ દવાખાનું તીથલ દ્વારા સર્વ દર્દીની તપાસ કરી નિઃશુલ્ક સારવાર આપવામાં આવી હતી. વિવિધ IEC પેમ્પલેટનું વિતરણ પણ કરાયું હતું. કેમ્પમાં ફાર્માસિસ્ટ દીપિકા પટેલ તથા સેવક ચૈતાલી બરોડિયાએ સેવા આપી હતી. બહોળી સંખ્યામાં લોકોએ કેમ્પનો લાભ લીધો હતો.

## પારડીના મોતીવાડા એપ્રોચ રોડ પર ઈકોફિક્સ ટેકનોલોજીનો ઉપયોગ કરી પેચવર્ક કરાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોતીવાડા એપ્રોચ રોડ પર માર્ગમાં પડેલા ખાડાઓ તથા વરસાદી નુકસાનને તાત્કાલિક ધોરણે દૂર કરવા વલસાડ (મા.મ.) વિભાગ (રાજ્ય) દ્વારા ઈકોફિક્સ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પેચવર્ક કામગીરી હાથ ધરવામાં આવી હતી. કામગીરી પૂર્ણ થતાં માર્ગની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે, વાહનવ્યવહાર વધુ સુરક્ષિત અને સુગમ બન્યો છે તેમજ સ્થાનિક નાગરિકો અને માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકોને અવરજવરમાં નોંધપાત્ર રાહત મળી છે.

## ઉમરગામ તાલુકામાં માર્ગ અને મકાન (સ્ટેટ) દ્વારા મહત્વના માર્ગો પર પેચવર્ક કરાતા વાહનચાલકોને રાહત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

ગાંધીનગર સ્થિત માર્ગ અને મકાન વિભાગની સૂચના તેમજ માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ દ્વારા (૧) ઉમરગામ તાલુકાના એન.એચ ટુ મરોલી રોડ (SHDP) કિમી ૦/૭ થી ૧૫/૩ (૨) ઉમરગામ તાલુકાના કનાડુ - પાલી - કરમબેલી રોડ કિમી. ૦/૦ થી ૪/૨ અને (૩) ઉમરગામ-સંજાણ-ભીલાડ રોડ (કિમી ૦/૦ થી ૨૦/૦) પર અતિ ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલી ડામરની સપાટી ઉપર ઈકોફિક્સ દ્વારા પેચવર્કની કામગીરી કરવામાં આવી હતી. આ રસ્તા ઉપર પેચવર્કની કામગીરી થવાથી વાહનચાલકોને મુસાફરીમાં નોંધપાત્ર રાહત મળી છે.

આપણી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# અમેરિકા-ઈરાન જંગ વચ્ચે હવે મિડલઈસ્ટમાં બીજા એક મોરચાના મંડાણ

મિડલઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચેનો જંગ સતત લંબાઈ રહ્યો છે, તેની વચ્ચે આ વિસ્તારમાં સાઉદી અરેબિયા અને હૂથી બળવાખોરો વચ્ચે સંઘર્ષનો એક નવો મોરચો ખૂલી રહ્યો હોય એવાં એંધાણ મળી રહ્યાં છે. ઈરાનને અમેરિકા સામેના જંગમાં પ્રત્યક્ષ રીતે ટેકો આપતા રહેલા યમનના હૂથી બળવાખોરોની સાઉદી અરેબિયા અને અમેરિકા સાથેની દુશ્મની નવી નથી. હૂથી બળવાખોરો મિડલ-ઈસ્ટમાં શક્તિશાળી સશસ્ત્ર તાકાત ધરાવે છે. લાલ સાગરમાં સાઉદી અરેબિયાના એક માલવાહક જહાજ પર ગયા સપ્તાહે હુમલો થયા બાદ હવે સાઉદી અને હૂથી દળો વચ્ચે સીધો સંઘર્ષ શરૂ થઈ ગયો છે. પોતાના માલવાહક જહાજ પર



હુમલો થયા બાદ સાઉદી અરેબિયાએ હૂથીઓના નિયંત્રણ હેઠળના હેદૈદાહ શહેર પર ભારે હવાઈ હુમલો કર્યો હતો. કહેવાય છે કે, સાઉદી દળોએ આ હુમલામાં અમેરિકન બનાવટના આધુનિક F-35 વિમાનોનો ઉપયોગ કર્યો હતો, તે પછી તરત જ હૂથીઓએ સાઉદી અરેબિયાને ચેતવણી આપી હતી કે, તેમણે નરકના દરવાજા ખોલી નાખ્યા છે. લાલ સાગરમાં હૂથીઓએ વણજાહેર નાકાબંધી અમલી બનાવી છે. હવે તેઓ દાવો કરે છે કે, સાઉદી અરેબિયાના બંદરેથી માલ લાવતા હોવાને લીધે આ જહાજોને નિશાન બનાવાયા છે. ઉલ્લેખનીય છે કે, હૂથી બળવાખોરો યમનના જંગમાં સાઉદીને મુખ્યપક્ષકાર ગણે છે. તેમનો આરોપ એવો રહ્યો છે કે, સાઉદી લશ્કરની કાર્યવાહીથી યમનમાં ભારે નુકસાન પહોંચ્યું છે. આ કારણે તેઓ સાઉદી અરેબિયાના વ્યૂહાત્મક આર્થિક હિતોને નિશાન બનાવી રહ્યા છે. લાલ સાગર દુનિયાના ચાવીરૂપ જળમાર્ગોમાંથી એક છે અને તેના પર હૂથીઓ સરળતાથી હુમલા કરી શકે છે. મુસ્લિમોમાં યમનના લઘુમતી જૈદી શિયા સમુદાયના હૂથી બળવાખોરો એક મજબૂત સશસ્ત્ર સંગઠન છે. છેક ૨૦૦૩માં અમેરિકાએ ઈરાક પર હુમલો કર્યો તે પછી હૂથીઓએ અમેરિકા અને ઈઝરાયલની સાથે દુશ્મનીનું વલણ લીધું હતું. આ ઉપરાંત હમાસ અને હિઝબુલ્લા જેવા જૂથોના ઈરાન તરફી એક્સિસ ઓફ રજિસ્ટેન્સમાં પણ હૂથી જૂથ સામેલ છે. આમ ઈરાનને સમર્થન અને અમેરિકા તથા તેના સાથી દેશો સાથે દુશ્મનીનું વલણ ધરાવતા હૂથીઓ સતત હુમલા કરીને પોતાની હાજરી દુનિયામાં નોંધાવતા રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હૂથીઓને જહાજો પર હુમલા ન રોકાય તો મોટી લશ્કરી કાર્યવાહીની ધમકી આપી છે. સાઉદી અરેબિયાએ હુમલા પણ કર્યા છે. આમ હવે સ્ફોટક મધ્યપૂર્વ વિસ્તારમાં એક નવો મોરચો ખૂલે એવાં એંધાણ મળી રહ્યાં છે. આમ થાય તો લાલ સાગરમાં જહાજી વ્યવહાર પર સીધી અસર પડે તેમ છે. સાથોસાથ ક્રૂડતેલની કિંમતોમાં ઉછાળાનુંવધુ એક કારણ ઊભું થતાં દુનિયાના અર્થતંત્ર પર અમંગળનો વધુ એક ઓછાયો તોળાઈ રહ્યો છે.



# અસહ્ય મોંઘવારી વચ્ચે બેંકોએ મિનિમમ બેલેન્સ નહીં રાખતા ગ્રાહકો પાસેથી રૂપિયા ૨૬,૧૭૦.૩૭ કરોડ વસૂલ્યા

## ગ્રાહકોને રાહત આપવા માટે, દેશની ૧૨ જાહેર ક્ષેત્રની બેંકોમાંથી ૧૦ બેંકોએ બચત ખાતાઓ પર દંડ સંપૂર્ણપણે નાબૂદ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૯**
દેશની બેંકોએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાહકો પાસેથી ખાતામાં મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ પેનલ્ટી પેટે રૂપિયા ૨૬,૧૭૦.૩૭ કરોડ વસૂલ્યા છે. આ માહિતી નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં આપી હતી. આ અંગે રાજ્યસભામાં માહિતી આપી હતી કે બેંકોએ છેલ્લા ચાર નાણાકીય વર્ષ ૨૩ થી નાણાકીય વર્ષ ૨૬ દરમિયાન ગ્રાહકો પાસેથી જરૂરી મિનિમમ બેલેન્સ જાળવવામાં બદલ દંડ વસૂલ્યો છે. આ ડેટા મુજબ દંડમાં વધારો થઈ રહ્યો છે. સંસદીય માહિતી અનુસાર, બેંકોએ ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષ દરમિયાન ગ્રાહકો પાસેથી રૂપિયા ૭,૦૮૬.૬૩ કરોડ, વર્ષ ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં રૂપિયા ૬,૯૭૪.૭૯ કરોડ દંડ વસૂલ્યો હતો. વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષો વચ્ચે બેંકોએ મિનિમમ બેલેન્સ ન જાળવવામાં બદલ રૂપિયા ૨૬,૧૦૦ કરોડથી વધુ દંડ વસૂલ્યો હતો. વર્ષ ૨૦૨૫-૨૬ ના નાણાકીય વર્ષના ડેટા દર્શાવે છે કે દંડ વસૂલવામાં ખાનગી બેંકોએ જાહેર ક્ષેત્રની બેંકો આગળ છે. જેમાં ખાનગી બેંકોએ ગ્રાહકો પાસેથી કુલ રૂપિયા ૪૯૪૮.૭૧ કરોડ દંડ વસૂલ્યા હતા. એચડીએફસી બેંકે રૂપિયા ૧૭૯૮. ૧૪ કરોડ અને એક્સિસ બેંકે રૂપિયા ૧૦૮૧.૩૩ કરોડ વસૂલ્યા હતા. જેમાં સામૂહિક રીતે ૧૨ જાહેર ક્ષેત્રની બેંકોએ કુલ રૂપિયા ૨૧૩૭.૯૨ કરોડ વસૂલ કર્યા. તેમાંથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ સૌથી વધુ રૂપિયા ૪૭૭.૨૭ કરોડ વસૂલ કર્યા હતા. ત્યારબાદ બેંક ઓફ બરોડા રૂપિયા ૩૯૪.૧ કરોડ વસૂલ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, એસબીઆઈએ માર્ચ ૨૦૨૦ થી બચત ખાતાઓમાં મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ પેનલ્ટી સંપૂર્ણપણે માફ કરી દીધી છે. આ દંડ અગાઉ ફક્ત ચાલુ ખાતાઓ અથવા અન્ય ચોક્કસ પ્રકારના ખાતાઓ પર લાગુ પડતો હતો. નાણા રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા માર્ગદર્શિકા હેઠળ, બેંકોને તેમની વ્યવસાયિક નીતિઓના આધારે દંડ નક્કી કરવાની પરવાનગી છે. જો કે આ નીતિઓ પારદર્શક હોય. જોકે, ગ્રાહકોને રાહત આપવા માટે, દેશની ૧૨ જાહેર ક્ષેત્રની બેંકોમાંથી ૧૦ બેંકોએ બચત ખાતાઓ પર દંડ સંપૂર્ણપણે નાબૂદ કર્યો છે. જ્યારે બાકીની બે બેંકોએ તેમને વધુ વાજબી બનાવવા માટે તેમના ચાર્જ ઘટાડ્યા છે. જો કોઈ ગ્રાહકનું બેલેન્સ ન્યૂનતમ મર્યાદાથી નીચે જાય તો બેંકે કોઈપણ દંડ કાપતા પૂર્વે ગ્રાહકને એસએમએસ , ઈમેઈલ અથવા પત્ર દ્વારા જાણ કરવી જોઈએ.

## ક્રિમિનલ રેકોર્ડ ન ધરાવતા પ્રદર્શનકારીઓને સુપ્રીમનું રક્ષણ

# જેન-ઝી પર લાઠીચાર્જની સુપ્રીમ તપાસ કરાવશે, સગીરોને છોડવા આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૯**
પેપર લીક થતા રોકવા, શિક્ષણ વ્યવસ્થામાં સુધારા સહિતની માગણીઓ સાથે દિલ્હીમાં યુવાનો દ્વારા વિરોધ પ્રદર્શનો થયા તેની સાથે અન્ય રાજ્યોમાં પણ દેખાવો યોજાયા હતા. આ દરમિયાન જે પણ યુવાનોની પોલીસ દ્વારા અટકાયત કે ધરપકડ કરવામાં આવી હોય તેની સામે કોઇ જ કાર્યવાહી હાલ નહીં કરવા તમામ રાજ્યોને સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે. આ સમયે જો કોઈ સગીર વયનાને અટકાયતમાં રખાયા હોય તો તેને તાત્કાલીક છોડી મુકવા કહ્યું છે.

સુપ્રીમ કોર્ટ પોલીસ કાર્યવાહી અને હિંસાની ઘટનાઓની તપાસના મુદ્દે એક એસ.આઈ.ટી.ની રચના પણ કરશે. દિલ્હીમાં ૨૦મી જુલાઈના વિરોધ પ્રદર્શનો દરમિયાન યુવાનો પર પોલીસ દ્વારા બર્બર લાઠીચાર્જ મુદ્દે તપાસ કરવા તેમજ એફ.આઈ.આર. દાખલ કરવાની માગણીઓ સાથે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ થઈ છે. જ્યારે ઘાયલ પોલીસકર્મીના પરિવાર તરફથી પણ અરજી કરવામાં આવી છે. આ તમામ અરજીઓની સંયુક્ત સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેંચે તમામ સગીરોને છોડી મુકવા આદેશ કર્યો હતો. સાથે જ જે લોકોની અટકાયત કરાઈ હોય તેમની સામે આગળ કોઈ કાયદાકીય કાર્યવાહી હાલ નહીં કરવા કહ્યું છે. જોકે જે પણ લોકોની અટકાયત કે ધરપકડ કરાઈ હોય તેમાં જો કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતું હોય તો તેને કોર્ટનું આ રક્ષણ નહીં અપાય તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે એવી પણ સ્પષ્ટતા કરી છે કે પોલીસ દ્વારા કરાયેલા લાઠીચાર્જ તેમજ હિંસાની ઘટનાઓની સ્વતંત્ર તપાસ કરવી જરૂરી લાગી રહ્યું છે. તેથી ઉચ્ચસ્તરીય તપાસ કમિટીની રચના કરવામાં આવે. જોકે હાલ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસને પોતાનો જવાબ રજૂ કરવાની તક આપી છે. જે રાજ્યોમાં હિંસાની ઘટનાઓ બની હોય તો તે રાજ્યો પણ જવાબ રજૂ કરી શકે છે. હાલમાં દિલ્હી, મહારાષ્ટ્ર, બિહાર, કેરળ, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવોને નોટિસ પાઠવવામાં આવી છે. આ પ્રકારના વિરોધ પ્રદર્શનો દરમિયાનના સીસીટીવી ફૂટેજ, ડ્રોન રેકોર્ડિંગ, વાયરલેસ કોમ્યુનિકેશન વગેરે ડેટા સાચવવા પણ સુપ્રીમે કહ્યું છે. પ્રદર્શનકારીઓ પર પેલેટ ગનનો ઉપયોગ કરાયો હોવાની સુપ્રીમે નોંધ લીધી છે. લાઠીચાર્જ દરમિયાન રબલ બુલેટ, ઈલેક્ટ્રીક બેટન્સ, ખીલ્લા વાળી લાકડીઓનો ઉપયોગ થયો હોવાની પણ નોંધ લેવાઈ છે. સાથે જ કહ્યું છે કે પોલીસ દ્વારા જે અત્યાચારી વલણ અપનાવાયું તેની સ્વતંત્ર તપાસ થવી જોઈએ, સાથે જ જે લોકોએ હિંસા આચરી હોય તેની સામે પણ કાર્યવાહી થવી જોએ.

## સુપ્રીમના પૂર્વ ન્યાયાધીશની આગેવાનીમાં એસઆઈટી રચાય તે પહેલા કેન્દ્ર, દિલ્હી, સાત રાજ્યોને નોટિસ પાઠવી જવાબ માગ્યો

**કાયદો હાથમાં લેનારા પોલીસ સામે કાર્યવાહી માટે પ્રોટોકોલ જરૂરીઃ**

સુપ્રીમ કોર્ટે વિવિધ અરજીઓની સુનાવણી દરમિયાન અવલોકન કર્યું હતું કે લોકશાહીમાં વિરોધ પ્રદર્શનો થતા રહે, આ વિરોધ પ્રદર્શનો કે આંદોલનો મુદ્દે પોલીસ કાર્યવાહી માટે એક સમાન પ્રોટોકોલ લાગુ કરી દેવામાં આવે તો જો કોઈ પણ પોલીસકર્મી કાયદો પોતાના હાથમાં લે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવી શક્ય બનશે. જેણે પણ કાયદો હાથમાં લીધો હોય તેને જવાબદાર ઠેરવવામાં આવશે. સુપ્રીમ કોર્ટે વિરોધ પ્રદર્શનો માટે પોલીસ કાર્યવાહીને લઈને એક વિશેષ સમાન પ્રોટોકોલ લાગુ કરવાના સંકેતો આપ્યા હતા.

## રાહુલ ગાંધીએ પેપર લીક પર સરકાર પર કર્યા પ્રહાર

# પેપર લીક પર વિદ્યાર્થીઓનો ગુસ્સો યોગ્ય હતો : રાહુલ ગાંધી

## રાહુલ ગાંધીએ કહ્યું કે, વિરોધ પ્રદર્શનોમાં કોઈ ગુસ્સો કે દ્વેષ નહોતો : દેશના યુવાનોનું સન્માન કરવું જોઈએ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૯**
લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પેપર લીક વિરોધી બિલ પર બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે દેશનું ભવિષ્ય રસ્તા પર ઉતરી ગયું છે. ભાજપના આપણા મિત્રોએ પણ પોતાના બાળકોને પૂછવું જોઈએ કે શું ખોટું થયું છે. ભાજપના નેતાઓના બાળકો પણ આંદોલન સાથે સહમત થશે. રાહુલ ગાંધીએ કહ્યું પેપર લીક પર વિદ્યાર્થીઓનો ગુસ્સો યોગ્ય હતો. લોકસભામાં બોલતા રાહુલ ગાંધીએ કહ્યું કે, વિરોધ પ્રદર્શનોમાં કોઈ ગુસ્સો કે દ્વેષ નહોતો. દેશના યુવાનોનું સન્માન કરવું જોઈએ. વિદ્યાર્થીઓને રસ્તા પર ઉતરવાની ફરજ પાડવામાં આવી રહી છે. તેઓ આપણા દેશનું ભવિષ્ય છે. દેશ વિદ્યાર્થીઓની લાગણીઓ સમજે છે. યુવાનોનો ગુસ્સો યોગ્ય છે. દરેક ભારતીયને વિદ્યાર્થીઓ પર ગર્વ છે. વિદ્યાર્થીઓ સમજે છે કે દુનિયા કેવી રીતે બદલાઈ રહી છે. યુવાનો હંમેશા સત્યની પાછળ દોડે છે. લોકસભામાં મંગળવારે એન્ટી પેપરલીક બિલ પર ચર્ચાની શરૂઆત થઈ હતી. આ બિલની આજે પણ સંસદમાં ચર્ચા ચાલુ હતી. લોકસભામાં બુધવારે કાર્યવાહી શરૂ થતા જ વિપક્ષના સભ્યોએ હંગામો શરૂ કર્યો. હંગામાના કારણે સદનની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત પણ કરાઈ હતી. ત્યારબાદ ફરીથી ચર્ચા શરૂ થઈ. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ એન્ટી પેપરલીક બિલ પર બોલ્યા. તેમણે કહ્યું કે દેશનું ભવિષ્ય રસ્તાઓ પર ઉતર્યું. ભાજપમાં જે પણ લોકો છે, અમારા તે મિત્રોએ જઈને પોતાના બાળકોને પૂછવું જોઈએ કે શું ખોટું થયું. આંદોલનથી ભાજપ નેતાના બાળકો પણ સહમત હશે. લોકસભામાં નેતા વિપક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે, હું ખુબ ઉત્સાહિત હતો અને મને ભરોસો થયો કે દેશનું ભવિષ્ય આપણા રસ્તાઓ પર શું કરી રહ્યું છે. આ ગુસ્સો, હિંસા કે નફરત નહતી. આ દેશના યુવાઓ અને આવનારી પેઢીની ગાઢ ભાવના હતી અને મને લાગે છે કે તમામ રાજકીય પક્ષોએ, જેમાં ભાજપના મારા મિત્રો પણ સામેલ છે, તે ભાવનાનું સન્માન કરવું જોઈએ.

રાહુલ ગાંધીએ કહ્યું કે, મને પૂરેપૂરો વિશ્વાસ છે કે જો ભાજપના મારા મિત્રો પોતાના બાળકોને જઈને પૂછે કે તેમના ભાઈ બહેન જે કરી રહ્યા છે, તેમના વિશે તેઓ શું વિચારે છે, તો તેમને તેમના બાળકોનું પણ સમર્થન જ મળશે. જે થયું તેમાં કશું પણ ખોટું નથી અને દરેક ભારતીયને તેના પર ગર્વ હોવો જોઈએ. વિપક્ષના નેતાએ કહ્યું કે, યુવાઓને તમે ઈડિયટ કહો છો, વિદ્યાર્થીઓ પર દરેક ભારતીયને ગર્વ છે. વિદ્યાર્થીઓ સમજી રહ્યા છે કે દુનિયા કઈ રીતે બદલાઈ રહી છે. યુવાઓ સચ્ચાઈ પાછળ દોડે છે. તેમના માટે સચ્ચાઈ મીઠી હોય છે. યુવાઓ ખુલ્લા દિલ, ખુલ્લા વિચારોના છે. જેને શીખવાની ધગશ છે તે જ વિદ્યાર્થી છે.

તેમણે કહ્યું કે મે વિચાર્યું કે ઈડિયટ પણ છે, વિદ્યાર્થી પણ છે. તેમને પૂછ્યું કે આ ત્રીજી કેટેગરી ક્યાં જાય છે- અંધ ભક્ત? આ ત્રણ કેટેગરી છે. વિદ્યાર્થીઓ જે છે તે શિક્ષણની સિસ્ટમની વાત કરે છે. વિદ્યાર્થીઓ આઠ-૧૦ કલાક ભણે છે. એજ્યુકેશન મોંઘુ છે. વર્ષો ભણે છે. જેના પર ટ્રેઝરી બેન્ચથી સભ્યોએ જોરદાર હોબાળો કર્યો. રાહુલ ગાંધીએ કહ્યું કે વિદ્યાર્થીઓ સજાગ છે. સચ્ચાઈ જાણે છે. એક પરીક્ષા પર શિક્ષણના બજેટથી વધુ ખર્ચ થાય છે. અંધભક્ત મૂરખને ભગવાન ગણે છે.

## રાજ્યસભામાં ખડગે સાથે શાબ્દિક યુદ્ધ

# જેપી નડ્ડાએ કહ્યું વિદ્યાર્થીઓ પર પોલીસની કાર્યવાહી યોગ્ય હતી

## વિપક્ષે ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૯** : સંસદના મોનસૂન સત્રમાં NEET પેપર લીક અને દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીને લઈને બંને ગૃહમાં ભારે હોબાળો જોવા મળ્યો છે.

આ મુદ્દે રાજ્યસભામાં ગૃહના નેતા અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા તથા વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે વચ્ચે તીખી ચર્ચા થઈ હતી. NEET પેપર લીકના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર દિલ્હી પોલીસની કાર્યવાહી અંગે ગૃહ મંત્રી અમિત શાહના નિવેદનની માંગણી સાથે વિપક્ષી સાંસદોએ ભારે હોબાળો મચાવ્યો હતો. જેના કારણે રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી.

રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં જ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI)ના વિદ્યાર્થીઓની ધરપકડના પ્રયાસોને લઈને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ પહેલાં CPI(M)ના સાંસદ જહોન બ્રિટાસે દિલ્હીમાં માકપા (CPM)ની ઓફિસમાં દિલ્હી પોલીસના પ્રવેશ અને જેએનયુએસયુ (JNUSU)ના પૂર્વ અધ્યક્ષ આઈશી ઘોષની ધરપકડના પ્રયાસનો મુદ્દો ઉઠાવ્યો હતો.

બ્રિટાસે જણાવ્યું કે, સાદા કપડામાં આવેલી દિલ્હી પોલીસની એક ટીમે ૨૦૨૧ના જેએનયુ પ્રદર્શન સંબંધિત કેસમાં આઈશી ઘોષની ધરપકડ કરવા માટે પાર્ટી કાર્યાલયમાં પ્રવેશ કર્યો હતો. તેમણે આ કાર્યવાહીને હાલના વિદ્યાર્થી આંદોલન સાથે જોડતા કહ્યું કે, આઈશી ઘોષનો માત્ર એટલો જ વાંક હતો કે તેમણે જંતર-મંતર પર થયેલા પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ મુદ્દે સરકારને ઘેરતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, "આજે લોકશાહી ખતરામાં છે. બ્રિટાસે જે મુદ્દો ઉઠાવ્યો છે તે ખૂબ જ શરમજનક છે. જો પોલીસ કોઈ નેશનલ પાર્ટીની ઓફિસમાં ઘૂસીને ધરપકડ કરવાની વાતો કરે, તો શું લોકશાહી ખતરામાં નથી?" તેમણે આ કાર્યવાહી માટે જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ કરી હતી.

ખડગેના નિવેદન પર પલટવાર કરતા કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું કે, તેઓ પોતે પણ પોતાના વિદ્યાર્થીકાળમાં આંદોલનોનો ભાગ રહ્યા છે અને તેમણે પણ જેલ જવું પડ્યું હતું. જેપી નડ્ડાએ બચાવ કરતા જણાવ્યું કે, "આ એકદમ સામાન્ય બાબત છે. હું પોતે સ્ટુડન્ટ એક્ટિવિસ્ટ રહ્યો છું. ઈમરજન્સી દરમિયાન મને ઘણી વખત ક્લાસરૂમમાંથી પકડીને લઈ જવામાં આવ્યો હતો. ત્યારે કોંગ્રેસની સરકાર હતી અને મારી પણ ધરપકડ થઈ હતી. તેમણે ઉમેર્યું કે, સ્ટુડન્ટ એક્ટિવિસ્ટને જેલ જવું જ પડે છે."

"જ્યારે કોઈ કાયદો હાથમાં લે છે ત્યારે પોલીસે કાર્યવાહી કરવી જ પડે છે. આ બાબતને સન્સનાટીભરી ન બનાવો. જો કોઈ વિદ્યાર્થીએ એક્ટિવિઝમ કરવું હોય તો તેણે આ બધું સહન કરવા તૈયાર રહેવું પડશે."

આ તીખી ચર્ચા અને વિપક્ષના ભારે હંગામાને પગલે રાજ્યસભાની કાર્યવાહી પહેલા ૧૨ વાગ્યા સુધી અને ત્યારબાદ ફરી હોબાળો થતાં બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.

વિપક્ષી સાંસદોએ આઈશી ઘોષની ધરપકડના પ્રયાસ અને NEET પેપર લીક વિરોધમાં પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી મુદ્દે ગૃહ મંત્રીના નિવેદનની માંગણી ચાલુ રાખી હતી.

# નવા શિક્ષણમંત્રી અને PM મોદી માટે નવો પડકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૯**
નીટ પેપરલીક મામલે વિદ્યાર્થીઓનું ડિજિટલ પ્રોટેસ્ટ બાદ રસ્તાઓ પર ઉતરીને વિરોધ પ્રદર્શન પણ થયું. એક મહિનાથી વધુ સમય સુધી જંતર મંતર પર વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન ચાલુ રહ્યું જેણે પાછળથી મોટું સ્વરૂપ પણ પકડી લીધું. જો કે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને સરકાર દ્વારા અન્ય માંગણીઓ સ્વીકારી લેવાતા પ્રદર્શન અટોપાઈ ગયું. વિદ્યાર્થીઓ પોત પોતાના ઘરે પહોંચી ગયા પરંતુ લાગે છે કે વિદ્યાર્થીઓનો વિરોધ હજુ શમ્યો નથી. હવે શાળાના વિદ્યાર્થીઓ તરફથી સીબીએસઈની ગડબડીને લઈને અવાજ ઉઠી રહ્યો છે.

૨૮ જુલાઈ ૨૦૨૬ના રોજ સીબીએસઈ ધોરણ ૧૨ની કમ્પાર્ટમેન્ટ એક્ઝામનું આયોજન થયું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓમાં નારાજગી ફેલાઈ છે. પહેલાથી વિદ્યાર્થીઓ ડિજિટલ ચેકિંગ એટલે કે ઓએસએમના મારથી પરેશાન છે. કમ્પાર્ટમેન્ટ એક્ઝામમાં ફિઝિક્સનું પેપર આટલું બધુ અઘરું કાઢ્યું કે વિદ્યાર્થીઓ પરીક્ષામાં સામેલ થયા બાદ રડી રહ્યા છે.

નીટ પેપર લીક પ્રદર્શન બાદ ધર્મેન્દ્ર પ્રધાને શિક્ષણમંત્રી પદથી રાજીનામું આપવું પડ્યું અને વિદ્યાર્થીઓનો ભરોસો જાળવી રાખવા માટે પીએમ મોદીએ પોતે સામે આવવું પડ્યું. આ સાથે જ તેમણે શિક્ષણમંત્રીના પદની જવાબદારી પ્રહલાદ જોશીને સોંપી દીધી. પરંતુ આ સાથે પીએમ મોદી અને શિક્ષણમંત્રી પ્રહલાદ જોશીની મુશ્કેલીઓ ઘટી નથી. સીબીએસઈના વિદ્યાર્થીઓ હવે પ્રદર્શન કરવાનું વિચારી રહ્યા છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સીબીએસઈ ૧૨માં ધોરણના વિદ્યાર્થીઓ તરફથી નારાજગી વ્યક્ત કરાઈ રહી છે. તેઓ સતત પીએમ મોદી અને શિક્ષણમંત્રી પ્રહલાદ જોશીને ગુહાર લગાવીને ગ્રેસ માર્ક્સની માંગણી કરી રહ્યા છે. જો કે કમ્પાર્ટમેન્ટ પરીક્ષામાં આવેલા અઘરા પેપર બાદ બાળકોની નારાજગી વધી ગઈ છે. તેઓ સતત સીબીએસઈ બોર્ડની સિસ્ટમ પર સવાલ ઉભા કરી રહ્યા છે. સીબીએસઈ તરફથી આયોજિત કરાયેલી કમ્પાર્ટમેન્ટ પરીક્ષામાં જે રીતે વિદ્યાર્થીઓ માટે પરીક્ષા મુખ્ય પરીક્ષાની સરખામણીમાં વધુ અઘરી રહી આવામાં વિદ્યાર્થીઓ ખુબ દુખી પણ છે. તેમનો દાવો છે કે ફિઝિક્સનું પેપર ફેબ્રુઆરીમાં થયેલી પરીક્ષાની સરખામણીમાં વધુ અઘરું હતું. એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટ શેર કરીને કહેવાઈ રહ્યું છે કે ફેબ્રુઆરીની પરીક્ષાઓના આધાર પર તમામ વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક્સ આપવા જોઈએ.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### T20Iમાં વૈભવ સૂર્યવંશીની મોટી છલાંગ

## ICC રેન્કિંગમાં ઉથલપાથલ થઈ, ODI માં ગિલ નંબર-૧

### ઇશાન કિશન ૯૧૦ પોઈન્ટ સાથે T20Iમાં નંબર-૧ બેટ્સમેન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯ :** ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા બુધવારે પુરૂષ ખેલાડીઓની રેક્નિંગ જાહેર કરવામાં આવી છે. જેમાં બેટિંગ અને બોલિંગ ક્ષેત્રે મોટો ફેરફાર જોવા મળ્યો છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલે વનડે ક્રિકેટમાં ફરીથી નંબર-૧ બેટ્સમેનનું સ્થાન મેળવી લીધું છે.

ભારતીય કેપ્ટન શુભમન ગિલના ખાતામાં હાલમાં ૮૦૧ રેટિંગ પોઈન્ટ છે. ગિલે ન્યૂઝીલેન્ડના ડેરીલ મિશેલ (૭૯૪) પાસેથી બાદશાહી છીનવી લીધી છે. મિશેલ આ વર્ષે જાન્યુઆરીથી ટોચ પર હતો. આ યાદીમાં ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી ૭૬૭ પોઈન્ટ સાથે ત્રીજા અને રોહિત શર્મા ૭૫૮ પોઈન્ટ સાથે ચોથા સ્થાને યથાવત છે. વનડે બોલિંગ રેક્નિંગમાં પણ નામીબિયાના સ્પિનર બર્નાર્ડ શોલ્ટ્ઝ ૫ સ્થાનની છલાંગ લગાવીને ૭મા સ્થાને પહોંચી ગયો છે.

યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ T20I બેટ્સમેનોની રેક્નિંગમાં જબરદસ્ત લાંબી છલાંગ લગાવી છે. માત્ર ૧૫ વર્ષની વયના સૂર્યવંશીએ ૨૩૦ પાયદાનની છલાંગ લગાવીને સીધા ૪૮મા ક્રમે જગ્યા બનાવી છે, અને તેના ૫૩૬ રેટિંગ પોઈન્ટ્સ છે. તેણે તાજેતરમાં જિમ્બાબ્વે પ્રવાસ પર ૩ મેચોની T20I શ્રેણીમાં શાનદાર બેટિંગ કરી હતી. સૂર્યવંશીએ ૫૦.૩૩ ની એવરેજથી સર્વાધિક ૧૫૧ રન બનાવ્યા હતા અને પોતાના કરિયરનો પહેલો પ્લેયર ઓફ ધ સિરીઝ એવોર્ડ જીત્યો હતો. ત્રીજી T20I માં ૮૧ રનની ઈનિંગ રમીને તેઓ પ્લેયર ઓફ ધ મેચ પણ બન્યા હતા. આ બંને એવોર્ડ જીતનારા તેઓ સૌથી નાની ઉંમરના ક્રિકેટર બન્યો છે.

ભારતના વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન T20I માં નંબર-૧ બેટ્સમેન છે, જેના ૯૧૦ રેટિંગ પોઈન્ટ્સ છે. આ તેમના કરિયરની બેસ્ટ રેક્નિંગ છે. જીમ્બાબ્વે શ્રેણીમાં તેમણે ૧૪૫ રન બનાવ્યા હતા. શ્રેણીમાં ફ્લોપ રહેલા ઓપનર અભિષેક શર્મા ૧ સ્થાન લથડીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે પાકિસ્તાનના સાહિબજાદ ફહાન બીજા સ્થાને આવી ગયો છે. T20I બેટ્સમેનોની યાદીમાં ઉપકેપ્ટન તિલક વર્મા ૨ સ્થાન ઉપર હ્હા અને કેપ્ટન શ્રેયસ અયર ૭ સ્થાન ઉપર ૨૪મા સ્થાને પહોંચી ગયો છે. બોલિંગ વિભાગમાં, ઝિમ્બાબ્વે સામેની શ્રેણીમાં ૩ વિકેટ ઝડપનાર રવિ બિશ્નોઈ T20I બોલરોની રેક્નિંગમાં ૩૧ પાયદાનની છલાંગ લગાવીને ૪૧મા સ્થાને આવી ગયો છે.

### ડ્યુરેન્ડ કપની ટીમમાં નામ; જાણો ક્યારે કરશે ડેબ્યૂ

## બોલિવૂડ બાદ હવે ફૂટબોલ મેદાન પર ટાઈગર શ્રોફની એન્ટ્રી

### આ પગલા સાથે ટાઈગર રણબીર કપૂર, જોન અબ્રાહમ અને અભિષેક બચ્ચન જેવા સ્ટાર્સની યાદીમાં સામેલ થઈ ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૯ :** બોલિવૂડમાં પોતાની અદભુત ફિટનેસ, શાનદાર એક્શન અને માર્શલ આર્ટ્સ માટે જાણીતા અભિનેતા ટાઈગર શ્રોફે હવે રમતગમતની દુનિયામાં એક મોટી ઈનિંગ શરૂ કરી છે. એશિયાની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત ફૂટબોલ ટૂર્નામેન્ટ 'ડ્યુરાન્ડ કપ'ની આગામી સીઝન માટે ટાઈગર શ્રોફે સત્તાવાર રીતે પોતાની ફૂટબોલ ટીમ 'Mumbay FC' લોન્ચ કરી છે.

કોલકાતામાં આયોજિત એક ભવ્ય અને હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટ દરમિયાન ટાઈગર શ્રોફે આ નવી ટીમની જાહેરાત કરવાની સાથે તેનો ઓફિશિયલ લોગો અને આકર્ષક જર્સી પણ સાર્વજનિક કરી છે. આ પગલા સાથે ટાઈગર રણબીર કપૂર, જોન અબ્રાહમ અને અભિષેક બચ્ચન જેવા સ્ટાર્સની યાદીમાં સામેલ થઈ ગયો છે જે ભારતીય ફૂટબોલને પ્રોત્સાહન આપી રહ્યો છે. ટીમ લોન્ચિંગ દરમિયાન મીડિયા સાથે વાતચીત કરતા ટાઈગર શ્રોફે ફૂટબોલ પ્રત્યેના પોતાના અતૂટ પ્રેમ અને વિઝન વિશે ખુલીને વાત કરી હતી. ટાઈગરે જણાવ્યું કે, "ફૂટબોલ હંમેશાથી મારા હૃદયની ખૂબ જ નજીક રહ્યો છે અને Mumbay FC માત્ર એક ટીમ નથી, પરંતુ એક મોટું સપનું છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય મુંબઈ અને ભારતભરમાં છુપાયેલી યુવા અને પાયાના સ્તરની ફૂટબોલ પ્રતિભાઓને શોધીને તેમને એક એવું પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે જ્યાં તેઓ પોતાની ક્ષમતા સાબિત કરી શકે. અમે આ યુવા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરની ટ્રેનિંગ અને સુવિધાઓ આપીશું."

ડ્યુરાન્ડ કપની આ સીઝન માટે Mumbay FCએ અત્યંત સંતુલિત અને મજબૂત ટીમ તૈયાર કરી છે. ટાઈગર શ્રોફની આ ટીમમાં ભારતભરના ઉભરતા યુવા સ્ટાર્સની સાથે 3 વિદેશી ખેલાડીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં નાઈજીરીયાના પ્રખ્યાત ફોરવર્ડ ખેલાડી પણ સામેલ છે. ટીમના મુખ્ય કોચ તરીકે ભૂતપૂર્વ ભારતીય ખેલાડી નીલ માધવની નિમણૂક કરવામાં આવી છે, જેઓ પોતાના 12 વર્ષના કોચિંગ અનુભવ સાથે ટીમને માર્ગદર્શન આપશે. ઈવેન્ટ દરમિયાન ટીમની હોમ એન્ડ અવે બંને જર્સી પ્રદર્શિત કરવામાં આવી હતી, જેનો સ્પોર્ટી લુક સોશિયલ મીડિયા પર ફેન્સ દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે. આ રોકાણ માત્ર એક ટૂર્નામેન્ટ પૂરતું મર્યાદિત નથી.

ટાઈગર શ્રોફે જાહેરાત કરી છે કે તેમની ફ્રેન્ચાઈઝી આગામી સમયમાં મુંબઈના વિવિધ વિસ્તારોમાં 5 નવી ફૂટબોલ એકેડેમી શરૂ કરવા જઈ રહી છે, જ્યાં 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને મફત કોચિંગ આપવામાં આવશે. ડ્યુરાન્ડ કપમાં Mumbay FC પોતાની સફરની શરૂઆત આગામી 4 ઓગસ્ટ 2026ના રોજ કરવા જઈ રહી છે, જ્યાં તેમનો પ્રથમ મુકાબલો કોલકાતાના વિવેકાનંદ યુવા ભારતી ક્રીડાંગન ખાતે મોહન બાગાન સુપર જાયન્ટ્સ સામે થશે.

## ઈરાને ચીન સાથે ૪૦૦ એર ડિફેન્સ મિસાઈલની ડીલ કર્યાની ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૨૯**



અમેરિકા અને ઈઝરાયલ સાથે મહિનાઓ સુધી ચાલેલા ભયાનક સંઘર્ષ બાદ હવે ઈરાન પોતાની હવાઈ સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે સક્રિય બન્યું છે. ઈરાને ચીન પાસેથી ૩૦૦થી ૪૦૦ જેટલી મેન-પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ (MANPADS) ખરીદવા માટે મહત્ત્વનો કરાર કર્યો છે. આ સંરક્ષણ સોદાની અંદાજિત કિંમત ૬થી ૭ કરોડ ડૉલર (૬૦થી ૭૦ મિલિયન ડૉલર) હોવાનું કહેવાઈ રહ્યું છે. અહેવાલો અનુસાર, આ કરારમાં ચીનની આધુનિક QW-12 અને FN-16 જેવી ખભા પર રાખીને દાગી શકાતી શોલ્ડર-ફાયર્ડ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમનો સમાવેશ થાય છે. આ કરાર હોંગકોંગ સ્થિત ઝોંગકિંગ બાઓશાંગ ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટ કંપની દ્વારા કરાવવામાં આવ્યો હોવાનો દાવો કરાયો છે, જે ચીનના સપ્લાયર અને ઈરાન વચ્ચે મધ્યસ્થ તરીકેની ભૂમિકા ભજવી રહી છે.

બ્રિટિશ ન્યૂઝ એજન્સીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મિસાઈલોની પહેલી ખેપ આગામી થોડા અઠવાડિયામાં જ ઈરાન પહોંચી શકે છે. શરૂઆતી આયોજન મુજબ આ હથિયારોને પશ્ચિમી ચીનના ઉરુમકીથી રવાના થઈ પાકિસ્તાનના રસ્તે ઈરાન પહોંચાડવામાં આવશે. જોકે, આ ટ્રાન્સપોર્ટેશન હવાઈ માર્ગે થશે કે રોડ માર્ગે તે હજુ સ્પષ્ટ થયું નથી.

બીજી તરફ, ચીનના વિદેશ મંત્રાલયે આ અહેવાલોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે અને જણાવ્યું છે કે આ પ્રકારના દાવા સાવ પાયાવિહોણા છે; ચીન હંમેશા શાંતિ સ્થાપવા માટે જ કામ કરે છે. આ ઉપરાંત પાકિસ્તાની સેનાના જનસંપર્ક વિભાગ (ISPR)એ પણ પોતાના રસ્તેથી હથિયારો ઈરાન મોકલવાના સમાચારને સંપૂર્ણપણે મનઘડંત અને ઝૂઠા ગણાવ્યા છે.

અમેરિકા અને ઈઝરાયલ સાથેના તાજેતરના યુદ્ધ દરમિયાન ઈરાનના મિસાઈલ, ડ્રોન અને એર ડિફેન્સ સાથે જોડાયેલા અનેક લશ્કરી મથકોને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ હુમલાઓએ ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમની નબળાઈઓ છતી કરી દીધી હતી. તેથી જ પોર્ટેબલ એર ડિફેન્સ સિસ્ટમ ઈરાન માટે અત્યંત મહત્ત્વની બની ગઈ છે, કારણ કે તેને નાની ટુકડીઓ દ્વારા પણ સરળતાથી કોઈ પણ સ્થળે તહેનાત કરી શકાય છે. જોકે, આ સોદા અંગે સત્તાવાર પુષ્ટિ ન થઈ હોવાથી તેમાં ફેરફારની શક્યતાઓ પણ દર્શાવવામાં આવી રહી છે.

# ભારે હંગામા વચ્ચે એન્ટી પેપરલીક સંશોધન બિલ લોકસભામાં ધ્વનીમતથી પાસ થયું

### બે દિવસની ચર્ચા અને ભારે હંગામા બાદ આજે સંસદના નીચલા સદન લોકસભામાં એન્ટી પેપરલીક બિલ ધ્વનીમતથી પાસ : હવે રાજ્યસભાનો વારો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯**



લોકસભામાં એન્ટી પેપર લીક બિલ પાસ થઈ ગયું છે. ચોમાસુ સત્ર દરમિયાન લાંબી ચર્ચા બાદ આ બિલને ધ્વનિમતથી મંજૂરી મળી છે. જોકે, બિલ પર ચર્ચા દરમિયાન સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર નોકઝોક જોવા મળી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના ભાષણને લઈને બંને પક્ષો વચ્ચે ભારે તણાવ જોવા મળ્યો હતો. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ એન્ટી પેપર લીક બિલ પસાર થયાની જાહેરાત કરી અને આવતીકાલ સુધી ગૃહની કાર્યવાહી સ્થગિત કરી હતી.

લોકસભામાં બિલ રજૂ કરતાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે, જ્યારે આટલા મહત્વના બિલ પર ચર્ચા થઈ રહી હોય ત્યારે સૂચનો આપવાના બદલે તેના પર રાજકારણ કરવામાં આવી રહ્યું છે. વિપક્ષના નેતાએ જે અસંસદીય ભાષાનો ઉપયોગ કર્યો તે આશ્ચર્યજનક છે. મને નવાઈ લાગે છે કે શું તેમને સંસદીય કાર્યવાહીના મૂળભૂત નિયમોની પણ જાણકારી છે? દેશના યુવાનો, જે દેશનું ભવિષ્ય છે, તેમને 'મૂર્ખ' કહેવા કરતાં વધુ દુર્ભાગ્યપૂર્ણ શું હોઈ શકે?

જિતેન્દ્ર સિંહે રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું કે, '૨૧ જુલાઈએ વિપક્ષના નેતા કદાચ કોઈ ખાસ વિચારસરણીને કારણે વડાપ્રધાનના નિવાસસ્થાનની બહાર જઈને બેસી ગયા હતા. એવું લાગી રહ્યું હતું કે તેમની દિલથી ઈચ્છા હતી કે દેશ તેમને પસંદ કરે અને ૭ પીએમ હાઉસમાં બેસાડે. જ્યારે તેમની આ ઈચ્છા પૂરી ન થઈ, ત્યારે તેઓ નિરાશ અને હતાશ થઈ ગયા અને ૭ લોક કલ્યાણ માર્ગના ગેટ પાસે જઈને બેસી ગયા. જ્યારે તેમને ખૂબ જ નમ્રતાથી સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો કે આવું વર્તન તેમના હોદ્દાને અનુરૂપ નથી, ત્યારે તેમણે જવાબ આપ્યો કે તેમને ત્યાંથી હટાવી દેવામાં આવે.'

સંસદના મોનસૂન સત્ર દરમિયાન બે દિવસની ચર્ચા અને ગરમાગરમી બાદ આજે સંસદના નીચલા ગૃહ લોકસભામાં એન્ટી પેપરલીક બિલ એટલે કે The Public Examination (Prevention of Unfair Means) Amendment Bill, 2026 પાસ થઈ ગયું. આ દરમિયાન સદનમાં સતત હંગામો થતો જોવા મળ્યો. ત્યારબાદ લોકસભાની કાર્યવાહી આવતી કાલે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.

બિલ પાસ થયું તે પહેલા વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. જેનો સત્તા પક્ષે આકરો વિરોધ કર્યો અને તેમની પાસે માફીની માંગણી પણ કરી. જેના પર સદનમાં બંને પક્ષ તરફથી ખુબ હંગામો જોવા મળ્યો. ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીના કથિત અસંસદીય શબ્દોના ઉપયોગને લઈને સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે શાબ્દીક ટપાટપી પણ જોવા મળી. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે દિલ્હીમાં વિદ્યાર્થીઓના આંદોલન દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિદ્યાર્થીઓ પર ગોળી ચલાવવાનો આદેશ આપ્યો હતો.

### PM મોદીએ જે કહ્યું તે કરી બતાવ્યું

## NEET પેપર લીક કેસમાં CBIએ કોર્ટમાં દાખલ કરી પહેલી ચાર્જશીટ

### પેપર લીક કેસમાં CBIએ ૧૩ ધરપકડ કરાયેલા આરોપીઓ સામે રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯**




દેશના લાખો મેડિકલ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનારાઓ સામે હવે કાયદાનો સકંજો વધુ કડક બન્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈચ્છા અનુસાર ઝડપી કાર્યવાહી કરતાં CBIએ NEET-UG 2026 પેપર લીક કેસમાં ૧૩ ધરપકડ કરાયેલા આરોપીઓ સામે રાઉઝ એવન્યુ કોર્ટમાં પોતાની પ્રથમ ચાર્જશીટ દાખલ કરી છે. CBIની આ કડક કાર્યવાહીએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, યુવાનોના સપનાઓ સાથે સોદો કરનાર કોઈપણ આરોપી હવે કાયદાથી બચી શકશે નહીં. વડાપ્રધાન મોદીએ ઈન્સ્ટાગ્રામ પર જાહેર કરેલા વીડિયો સંદેશમાં પેપર લીક કેસની તપાસ માટે વહેલી તકે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાની જાહેરાત કરી હતી.

તપાસ એજન્સીએ કોર્ટમાં રજૂ કરેલી ચાર્જશીટમાં ૩૬૦ સાક્ષીઓના નિવેદનો, ૪૨૨ મહત્વના દસ્તાવેજો અને ૪૩ ભૌતિક પુરાવાઓનો સમાવેશ કર્યો છે. CBIની તપાસમાં ખુલાસો થયો છે કે સમગ્ર કાવતરું ગુનાહિત ષડ્યંત્ર, છેતરપિંડી, પુરાવા નષ્ટ કરવા અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ અંજામ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત નવા જાહેર પરીક્ષા (અનુચિત સાધનોની રોકથામ) અધિનિયમ, ૨૦૨૪ અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કડક કલમો હેઠળ કેસ નોંધાયો છે. હાલ કેસના તમામ ૧૩ મુખ્ય આરોપીઓ જેલમાં બંધ છે. ૩ મે, ૨૦૨૬ના રોજ યોજાયેલી આ પરીક્ષામાં ગેરરીતિની ફરિયાદ મળતાં જ CBIએ ૧૨ મેના રોજ FIR નોંધાવી હતી. તપાસ માટે ૭૨ અધિકારીઓ અને ૮ સાયબર ફોરેન્સિક નિષ્ણાતોની વિશેષ ટીમો બનાવવામાં આવી હતી. એજન્સીએ મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી સહિત અનેક રાજ્યોમાં ૯૨ સ્થળોએ દરોડા પાડ્યા હતા. CBIએ પેપર લીકના મુખ્ય સ્ત્રોતથી લઈને તેનો લાભ મેળવનારાઓ સુધીની સમગ્ર કડીનો પર્દાફાશ કર્યો છે.

ચોંકાવનારી વાત એ છે કે, ધરપકડ કરાયેલા ૧૩ આરોપીઓમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના કેમિસ્ટ્રી, બાયોલોજી અને ફિઝિક્સના ૩ વિષય નિષ્ણાતો પણ સામેલ છે. ઉપરાંત ગેરકાયદેસર રીતે પ્રશ્નપત્ર મેળવનારા ૨ કોચિંગ સેન્ટરના સંચાલકો અને વચેટિયાઓની પણ ધરપકડ કરવામાં આવી છે.

CBIએ માત્ર આરોપીઓને જેલમાં મોકલ્યા નથી, પરંતુ તેમના નાણાકીય વ્યવહારોની પણ ઊંડી તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન આરોપીઓના અનેક બેંક ખાતાં, બેંક લોકર અને એક ડીમેટ ખાતું પણ તાત્કાલિક અસરથી ફ્રીઝ કરવામાં આવ્યું છે. હવે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સુનાવણીનો માર્ગ પણ સાફ થઈ ગયો છે, જેના કારણે સ્પષ્ટ સંદેશ ગયો છે કે પરીક્ષામાં ગેરરીતિ કરનારાઓ સામે હવે કોઈ રાહત નહીં મળે.

## બ્રિટનમાં સદી જૂના ઘરના ગુપ્ત ઓરડામાંથી ખજાનો નીકળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૯**

યુકેમાં એક દંપતીને પોતાના લગભગ સો વર્ષ જૂના પૈતૃક ઘરની સફાઈ દરમ્યાન એક ગુપ્ત ઓરડો મળ્યો, જ્યાં જંક લાગેલા ટિનના ડબ્બામાં હજારોના મૂલ્યની જૂની નોટો છુપાયેલી મળી આવી. આર્થિક તંગીથી ઝઝૂમી રહેલા પરિવાર માટે આ શોધ કોઈ છુપાયેલા ખજાના જેવી સાબિત થઈ. ૩૪ વર્ષીય લીઝા અને તેના પતિ ડૈન રજાના દિવસોમાં પોતાના લાંબા સમયથી બંદ પડેલા પૈતૃક ઘરમાં ગયા. સાફસફાઈ દરમ્યાન તેમને જમીનની નીચે એક જગ્યા થોડી અસામાન્ય લાગી. તપાસ કરતા તેમજ દિવાલ હટાવવાથી તેમને એક ગુપ્ત ઓરડો મળી આવ્યો, જેમાં ચારે બાજુ કોલસો વેરાયેલો પડ્યો હતો. કોલસો હટાવતી વખતે તેમને એક જંક લાગેલો જૂનો પતરાનો ડબ્બો મળ્યો. શરૂઆતમાં દંપતીએ ડબ્બાને બેકાર સમજીને બાજુએ મુકી દીધો કારણ કે તેમાંથી એમોનિયાની તીવ્ર ગંધ આવી રહી હતી. અનેક મહિના પછી બાળકોના આગ્રહને કારણે દંપતીએ સાવચેતીપૂર્વક સાધનોની મદદથી ડબ્બો ખોલ્યો. તેમાં તેમને ૧૯૭૦ના દાયકાની હજારો નોટો મળી આવતા આશ્ચર્યચકિત થઈ ગયા. ડેને કહ્યું કે આ ઘટના તેના બાળકો માટે કાયમ યાદગાર રહેશે, જ્યારે લિઝાના મતે આ ખજાનો તેમને સજોથી કઠિન સમયમાં મળ્યો છે.

## જુનિપર ગ્રીન એનર્જી લિમિટેડનો રૂ.૧,૮૦૦ કરોડનો આઈપીઓ ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ ખુલશે




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૯**

જુનિપર ગ્રીન એનર્જી લિમિટેડ તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટેની બિડ/ઓફર ગુરુવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ ખોલશે.

આ ઓફરમાં કુલ રૂ.૧૮,૦૦૦ મિલિયન (રૂ.૧,૮૦૦ કરોડ) સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સની કુલ ઓફર સાઈઝમાં ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે.

એન્કર ઈન્વેસ્ટર માટેની બિડીંગ તારીખ બુધવાર, ૨૯ જુલાઈ, ૨૦૨૬ રહેશે. બિડ/ઓફર સબસ્ક્રીપ્શન માટે ગુરુવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ ખુલશે અને સોમવાર, ૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે.

ઓફર માટે પ્રતિ ઈક્વિટી શેર રૂ.૨૧૪થી રૂ.૨૨૫નો પ્રાઈસ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા ૬૬ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ તેના ૬૬ના ગુણાંકમાં બિડ કરી શકશે.

આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ, એચએસબીસી સિક્યોરિટીઝ એન્ડ કેપિટલ માર્કેટ્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ, જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ અને કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ કે બીઆરએલએમ છે.

## નાણા વર્ષ-૨૭ના પહેલા ત્રિમાસિકમાં મૂલ્ય-આધારિત વૃદ્ધિ અને કાર્યકારી શ્રેષ્ઠતાને લીધે અંબુજાનું ટકાઉ પ્રદર્શન

### ત્રિમાસિક ધોરણે એબિડટા મેટ્રિક ટન દીઠ ૨૭% વધી રૂ.૯૩૧કરોડ પ્રાપ્ત થયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૯**

વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં વિસ્તરેલા અદાણી સમૂહનો હિસ્સો અને વિશ્વની નવમી સૌથી મોટી સિમેન્ટ કંપની અંબુજા સિમેન્ટ્સ લિ.એ ૩૦ જૂન ૨૦૨૬ના રોજ પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિક ગાળામાં સંગીન કામગીરી નોંધાવી છે.

અંબુજા સિમેન્ટ્સ લિ.ના પૂર્ણકાલિન ડિરેક્ટર અને સી.ઈ.ઓ. શ્રી વિનોદ બહેતીએ જણાવ્યું હતું કે, અમે મૂલ્ય-આધારિત વૃદ્ધિ, પ્રીમિયમાઈઝેશન અને શિસ્તબદ્ધ અમલીકરણ પર કેન્દ્રિત કરેલા ધ્યાનના બળે નાણા વર્ષ ૨૦૨૭નો મજબૂત આરંભ કર્યો છે. ટ્રેડ સેલ્સમાં વધારો અને પ્રીમિયમ ઉત્પાદનોના હિસ્સામાં વૃદ્ધિએ કંપનીના માર્કેટ મિક્સને મજબૂત બનાવવાના પરિણામે નફાકારકતા અને કમાણીની ગુણવત્તા સુધારો થયો છે.

તેમણે જણાવ્યુ હતું કે, પશ્ચિમ એશિયામાં ભૌગોલિક-રાજકીય તણાવને કારણે ખર્ચમાં કામચલાઉ વધારાના પડકારોની વચ્ચે કંપનીએ શ્રેષ્ઠ કામગીરી, ઊર્જા કાર્યક્ષમતામાં સુધારો, નીચા ક્લિન્કરની ભૂમિકા અને શિસ્તબદ્ધ ખર્ચ વ્યવસ્થાપનના કારણે પ્રતિ ટન ખર્ચમાં ₹.૨૦૬નો ક્રમિક ઘટાડો હાંસલ કર્યો છે. પરિણામે એબિડટાના માર્જિનમાં ત્રિમાસિક ધોરણે ૩૩૧ બેઝિસ પોઈન્ટ્સનો વધારો થતા ૧૬.૭% પર પહોંચ્યો છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભવિષ્ય અમે પ્રગતિની ગતિ જાળવી રાખીને ખર્ચના માળખામાં વધુ સુધારો કરીશું. કંપનીના દહેજ (1.2 MTPA), સલાઈ બનવા (2.4 MTPA), ભટિંડા (1.2 MTPA), જોધપુર (2 MTPA), કલંબોલી (1 MTPA) અને વારિસલીગંજ (2.4 MTPA) ક્ષમતાના પ્લાન્ટ્સ કાર્યરત થવા સાથે ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં અમારી ક્ષમતા વધારીને 119 MTPA કરવાના લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. ઉપરાંત વર્ષના અંતે પ્રતિ ટન ₹.૪,૨૫૦નો નિર્ધારિત ખર્ચ હાંસલ કરવા માટે પ્રતિ ટન આશરે ₹.૨૫૦નો સુધી ખર્ચ ઘટાડવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

અમે નવીનતા અને LEILAC સાથેની ભાગીદારી દ્વારા ટકાઉ બાંધકામ ક્ષેત્રે અમારા અગ્રણી સ્થાને ટકી રહ્યા હોવાના લીધે લો-કાર્બન સંક્રમણને વેગ મળે. એવી ક્ષમતાઓ વિકસાવવામાં આવે છે જે વૃદ્ધિના આગામી તબક્કાને ટેકો આપશે.

સમીક્ષાના સમયમાં વેચાણ વોલ્યુમ ૧૭.૧ મિલિયન ટન થયું છે. વ્યવસાયનો હિસ્સો ૪ ટકા વધી ૭૮% થયો છે. પ્રીમિયમ ઉત્પાદન ૧ ટકા વધીને ૩૪% થયું હતું. આ ગાળામાં આવક ₹.૯,૫૦૦ કરોડ થઈ હતી.

કામકાજનો એબિડટા ₹.૧૫૮૯ કરોડ પ્રાપ્ત થયો હતો. એબિડટા માર્જીન ૩.૩ ટકા વધીને ૧૬.૭% હાંસલ થયો છે.

આ સમય દરમિયાન ક્લિંકર પરિબળની ભૂમિકા ૨.૧ ટકા વધીને વાર્ષિક ધોરણે ૬૩.૭% થઈ હતી. નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ૭૫ મેગાવોટ વધીને ૯૭૩ મેગાવોટ થઈ છે જ્યારે હરિત વીજળીનો હિસ્સો ૩૪%એ પહોંચ્યો છે.

સર્વોચ્ચ ક્રેડિટ રેટિંગ સાથે અંબુજા દેવા મુક્ત બની રહી છે.

# હવે સાઉદીએ અમેરિકા સાથે મળીને ઈરાકમાં બોમ્બમારો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૯**

પશ્ચિમ એશિયામાં જારી તણાવ વચ્ચે હવે ખાડી દેશોની ભૂમિકા પણ ખુલીને સામે આવવા લાગી છે. અમેરિકા અને સાઉદી અરેબિયાએ ઈરાકમાં ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથો સામે સંયુક્ત હવાઈ હુમલા કર્યા છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી છેલ્લા 72 કલાકમાં અમેરિકન ઠેકાણાઓ અને સાઉદી અરેબિયાના સૈન્ય ઠેકાણાઓ પર થયેલા ૩૦થી વધુ ડ્રોન હુમલાના જવાબમાં કરવામાં આવી છે.

CENTCOM એ નિવેદન બહાર પાડીને જણાવ્યું કે, અમેરિકન અને સાઉદી લડાકુ વિમાનોએ પૂર્વ ઈરાકમાં અનેક લોજિસ્ટિક્સ અને હથિયારોના ઠેકાણાઓ પર સચોટ હુમલા કર્યા છે. અમેરિકાનો આક્ષેપ છે કે આ ડ્રોન હુમલાઓ પાછળ ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના નિર્દેશ પર કામ કરતા ઈરાન સમર્થિત જૂથો હતા. અમેરિકન સેનાએ ચેતવણી આપી છે કે જો આવા હુમલા નહીં અટકે તો આગળ પણ સૈન્ય કાર્યવાહી જારી રહેશે.

સાઉદી અરેબિયાના રક્ષા મંત્રાલયે પણ પુષ્ટિ કરી છે કે, તેના પૂર્વી પ્રાંતમાં આવેલા ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને અનેક ડ્રોન છોડવામાં આવ્યા હતા. જોકે, સાઉદી એર ડિફેન્સ સિસ્ટમે તમામ ડ્રોનને તોડી પાડ્યા હતા અને કોઈ મોટા નુકસાનના અહેવાલ નથી. સાઉદી સરકારે આ હુમલાઓને "અયોગ્ય અને અસ્વીકાર્ય" ગણાવ્યા છે.

દરમિયાન, અલ જઝીરાએ સુરક્ષા સૂત્રોના હવાલેથી જણાવ્યું છે કે, ઈરાકના બસરા પ્રાંતમાં પોપ્યુલર મોબિલાઈઝેશન ફોર્સિસના મુખ્યાલયમાં પણ વિસ્ફોટ થયો છે. PMF (હશ્દ અલ-શાબી) ઈરાકના અનેક ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથોનું ગઠબંધન છે. જોકે, વિસ્ફોટના કારણો અને સંભવિત જાનહાનિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. બીજી તરફ, ઈરાને સાઉદી અરેબિયા પર થયેલા હુમલાઓમાં પોતાની કોઈ પણ ભૂમિકા હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે.

ઈરાની સરકારી પ્રસારકના જણાવ્યા અનુસાર, એક વરિષ્ઠ સૈન્ય અધિકારીએ કહ્યું કે, અન્ય કોઈ દેશમાંથી સાઉદી અરેબિયા તરફ છોડાયેલા ડ્રોન કે પ્રોજેક્ટાઈલ સાથે તહેરાનને કોઈ સંબંધ નથી. તેમણે ઉમેર્યું કે આ વિસ્તારમાં અમેરિકન હિતો પર થતા દરેક હુમલાને ઈરાન સાથે જોડવું એ ખોટું આકલન છે.

## ટ્રમ્પના સીઝફાયર બાદ ઈરાનનો પહેલો મોટો હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૯**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કૂટનીતિ અને વાટાઘાટો માટે સૈન્ય હુમલા અટકાવવાના નિર્ણયના થોડા જ દિવસો બાદ ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ એ જોર્ડન સ્થિત યુએસ સૈન્ય બેઝ પર અનેક બેલિસ્ટિક મિસાઈલો છોડીને મોટો હુમલો કરવાનો પ્રયાસ કર્યો છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડએ આ ઘટનાને અચાનક કરવામાં આવેલો હુમલો ગણાવ્યો છે. કમાન્ડ મુજબ, મંગળવારે સાંજે ૫:૪૫ વાગ્યે (ઈસ્ટર્ન ટાઈમ) છોડવામાં આવેલી તમામ મિસાઈલોને હવામાં જ સફળતાપૂર્વક ઈન્ટરસેપ્ટ (રોકી) કરવામાં આવી છે. આ ઘટનામાં હાલ કોઈ જાનહાની કે મોટા નુકસાનના અહેવાલ નથી.

નોંધનીય છે કે, આ એ જ જોર્ડન બેઝ છે જ્યાં ચાલુ મહિનાની શરૂઆતમાં થયેલા હુમલામાં ૨ અમેરિકન સૈનિકો માર્યા ગયા હતા, જેના જવાબમાં ટ્રમ્પે ૧૩ રાતો સુધી સતત જવાબી હુમલા કર્યા હતા. આ હુમલો વાશિંગ્ટનમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુ વચ્ચે વ્હાઈટ હાઉસમાં થયેલી મહત્વપૂર્ણ બેઠકના થોડા જ કલાકો બાદ થયો છે. આ બેઠક એક દિવસ પહેલા જ ટ્રમ્પે દાવો કર્યો હતો કે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે સારી વાતચીત થઈ રહી છે અને કરારની શક્યતાઓ છે, પરંતુ જો વાટાઘાટો નિષ્ફળ જશે તો અમેરિકા ફરી સૈન્ય કાર્યવાહી શરૂ કરશે. બીજી તરફ, યમનના ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓએ રાતા સમુદ્રમાં સાઉદી અરેબિયાના એક તેલ ટેન્કર પર બેલિસ્ટિક મિસાઈલથી હુમલો કરવાનો દાવો કર્યો છે. હૂતી પ્રવક્તા યાહ્યા સરીએ જણાવ્યું કે, નાકેબંધીનું ઉલ્લંઘન કરવા બદલ ટેન્કરને નિશાન બનાવાયું હતું. બ્રિટનની દરિયાઈ એજન્સી UKMTO મુજબ, દક્ષિણી રાતા સમુદ્રમાંથી પસાર થઈ રહેલા એક જહાજ નજીક વિસ્ફોટ થયો છે, પરંતુ જહાજ અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.

# તાત્કાલિક હુમલા બંધ કરો... મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે ભારતે UNSC ગજવ્યું

**ગાઝા યુદ્ધ, હોર્મુઝ અને લાલ સાગરમાં વધતા હુમલાઓ વૈશ્વિક વેપાર અને ઊર્જા પુરવઠાને અસર કરી રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૯**

પશ્ચિમ એશિયામાં ઝડપથી બદલાઈ રહેલી સ્થિતિ વચ્ચે ગાઝામાં ચાલતું યુદ્ધ, હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા હુમલા અને લાલ સાગરમાં અસુરક્ષાના કારણે વૈશ્વિક વેપાર અને ઊર્જા પુરવઠા પર ગંભીર અસર પડી રહી છે. આવી સ્થિતિમાં ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં કડક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે, આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર કોમર્શિયલ જહાજો અને નાગરિક પાયાની સુવિધાઓને ટાર્ગેટ કરવાની બાબત કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી.

તાજેતરમાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર થયેલા હુમલામાં ૧ ભારતીય નાગરિકનું મોત થયું છે, અસંખ્ય ભારતીયો ઈજાગ્રસ્ત થયા છે અને ૧ ભારતીય હજુ પણ ગુમ છે. વર્તમાન સમયમાં ખાડી દેશોમાં લગભગ ૧ કરોડ ભારતીયો રહે છે અને કામ કરે છે. ભારતે વિશ્વ સમક્ષ સ્પષ્ટ કર્યું છે કે, પોતાના નાગરિકોની સુરક્ષા તેના માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

પશ્ચિમ એશિયા ભારત માટે ઊર્જા સુરક્ષાની કરોડરજ્જુ છે. આ ક્ષેત્ર સાથે ભારતનો વાર્ષિક લગભગ ૧૮૦ અબજ યુએસ ડોલરનો વેપાર થાય છે, જ્યારે ૩૧ અબજ ડોલરથી વધુનું સીધું વિદેશી રોકાણ (FDI) અને ૫૨ અબજ ડોલરથી વધુનું વાર્ષિક રેમિટેન્સ જોડાયેલું છે. જો હોર્મુઝ કે આસપાસના દરિયાઈ માર્ગો અસુરક્ષિત બને તો તેની સીધી અસર ભારતની અર્થવ્યવસ્થા અને તેલ પુરવઠા પર પડી શકે છે. ભારતે UNSC માં જીએફએસ ગેલેક્સી, એમટી અલ બહિયા અને એમટી મોમ્બાસા જેવા જહાજો પર થયેલા હુમલાની સખત નિંદા કરી છે. આ સાથે જ ભારતે ગાઝામાં જારી ગંભીર માનવીય સંકટ પર ચિંતા વ્યક્ત કરતા ફિલિપાઈન્સ/ફિલિસ્તીન મુદ્દે બે-રાષ્ટ્ર ઉકેલ માટે પોતાનું સમર્થન દોહરાવ્યું છે. ભારતે યમનમાં હૂતી બળવાખોરો દ્વારા દરિયાઈ માર્ગો પર કરાતા હુમલાઓની પણ કડક શબ્દોમાં ટીકા કરી છે.

**રશિયા પાસેથી ઓઈલ ખરીદવાની મળશે સજા**

# ૧૦૦% ટેરિફની મંજૂરી આપતું બિલ અમેરિકન સેનેટમાં પાસ

**પશ્ચિમ એશિયામાં ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' દ્વારા થતી ઓઇલની સપ્લાય ખોરવાઈ ગઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૯**

અમેરિકા અને ભારત વચ્ચે ટેરિફ મુદ્દે ચાલી રહેલી તનાતની વચ્ચે વધુ એક મોટા સમાચાર આવ્યા છે. અમેરિકન સેનેટે રશિયા પર કડક પ્રતિબંધો લાદવા અને રશિયા પાસેથી ઊર્જા ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીનો ટેરિફ ઝીંકવા માટેનું મહત્ત્વપૂર્ણ બિલ પસાર કરી દીધું છે. આ બિલ સ્વર્ગસ્થ સેનેટર લિન્ડસે ગ્રેહામ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું, જેને સેનેટમાં ૮૯-૧૨ ના ભારે બહુમતીથી મંજૂરી આપવામાં આવી છે. જો આ બિલ કાયદો બનશે તો રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ઓઈલ અને ગેસ આયાત કરતા દેશો પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ૧૦૦% સુધી ટેરિફ લાદવાની સત્તા મળશે.

આ બિલ હેઠળ નીચે મુજબના ૫ દેશો મુખ્ય નિશાન પર છેઃ પશ્ચિમ એશિયામાં ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' દ્વારા થતી ઓઈલની સપ્લાય ખોરવાઈ ગઈ હતી. આ કારણે ભારતીય રિફાઇનરીઓએ રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું પ્રમાણ વધાર્યું હતું. ઓગસ્ટ ૨૦૨૫માં પણ અમેરિકાએ ભારત પર ૨૫% વધારાનો ટેરિફ લાદ્યો હતો, જેથી ભારત પર કુલ ટેરિફ ૫૦% થઈ ગયો હતો. બાદમાં ઈરાન સંકટ વખતે ફેબ્રુઆરીમાં રાહત આપવામાં આવી હતી, પરંતુ હવે ફરી ૧૦૦% ટેરિફનો ખતરો ઉભો થયો છે.

સેનેટમાં પ્રક્રિયાગત મંજૂરી મળ્યા બાદ આ બિલ સપ્ટેમ્બરમાં યોજાનારી 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' ની બેઠકમાં રજૂ થશે. ત્યાંથી પસાર થયા બાદ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હસ્તાક્ષર થયા પછી જ તે આખરી કાયદો બનશે.

જોકે, આ બિલથી સીધા ટેરિફ લાગુ નહીં થાય પણ પ્રમુખ ટ્રમ્પને ભારત જેવા દેશો પર નવું આર્થિક દબાણ લાવવા માટેનું મોટું હથિયાર મળી જશે.

# દિલ્હી હાઇકોર્ટનો કાલા હિરણ ફિલ્મની તમામ લિન્ક્સ દૂર કરવા આદેશ

**સલમાન ખાને મોકલેલી કાનુની નોટિસને નિર્માતા અમિત જાનીએ એક ઇન્ટરવ્યુ દરમ્યાન જાહેરમાં ફાડી નાંખતા મામલો બીચક્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૯**

નિર્માતા અમિત જાનીની ફિલ્મ 'કાલા હિરણઃ ધ બેટલ ફોર લિગસી'નું વિવાદાસ્પદ ટીઝર ચોવીસ જ કલાકમાં હટાવી દેવાનો દિલ્હી હાઈકોર્ટે આદેશ આપ્યો હતો. જેની સામે ફોજદારી કેસ હજી પેન્ડિંગ હોય તેવી વ્યક્તિની પ્રતિષ્ઠાને હાનિ કરે તેવી સામગ્રી ઓનલાઇન રહેવા દઈ શકાય નહીં તેમ જણાવી જસ્ટિસ જ્યોતિ સિંહે આ ટીઝરને ચોવીસ કલાકમાં સોશ્યલ મિડિયા પરથી હટાવવાનો આદેશ આપ્યો હતો.

અદાલતે જણાવ્યું હતું કે, જો નિર્માતા આ આદેશનું પાલન નહીં કરે તો સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ્સને આ લીન્ક્સ હટાવવા જણાવાશે. કેમ કે આબરૂ એકવાર જાય એટલે તે પાછી આવતી નથી.

સલમાનખાને આ ફિલ્મ દ્વારા તેના પર્સનાલિટી રાઈટ્સનો ભંગ થતો હોવાની તથા ફિલ્મમાં તેની બદનામી કરે તેવી સામગ્રી હોવાની રજૂઆત કરી હતી. આ ટીઝરમાં સલમાન ખાન અંધારી આલમ સાથે કડી ધરાવતો હોવાનું જણાવાયું હતું. આને કારણે ઉભાં થનારાં પૂર્વગ્રહને કારણે ૧૯૯૮ના કાળિયાર શિકાર કેસમાં તેની સામે ન્યાયી ખટલો ચલાવવાનો તેનો અધિકાર છીનવાઈ જાય તેમ છે.

સલમાન ખાને મોકલેલી કાનુની નોટિસને નિર્માતા અમિત જાનીએ એક ઈન્ટરવ્યુ દરમ્યાન જાહેરમાં ફાડી નાંખતા મામલો બીચક્યો હતો. અદાલત સમક્ષ આ વર્તનનો વિવાદ પણ પહોંચતા અદાલતે ઝડપથી પગલાં લઈ ટીઝરને દૂર કરવાનો આદેશ આપ્યો હતો.



## મુવી ન્યુઝ

**'વો ન ઘર દેખેંગે, ન સરહદ, સીધા ઘુસ કે મારેંગ'**

# સની દેઓલની ફિલ્મ 'બટવારા ૧૯૪૭'નું ટ્રેલર રિલીઝ








(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સની દેઓલની ફિલ્મ બટવારા ૧૯૪૭નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ઘણા સમયથી આ ટ્રેલરની રાહ જોવામાં આવી રહી હતી જે ફાઈનલી આવી ગયું છે. ટ્રેલરમાં સની દેઓલ સિવાય પ્રીતિ ઝિન્ટા, કરણ દેઓલ, શબાના આઝમી અને અલી ફઝલ દેખાયા છે.

ટ્રેલરની શરૂઆત ભારતના તિરંગાથી થાય છે. ત્યાં પાછળથી બાળકોનો અવાજ આવે છે ભારત માતા કી જય હો અને પછી સની દેઓલ દેખાય છે જે ગાડીમાં બેસીને આવે છે. પછી તે પ્રીતિ ઝિન્ટાને બોલે છે કે દેશની આઝાદી મુબારક હો. પ્રીતિ પછી બોલે છે કે તમને પણ મુબારક હો. તેમાં સનીને એક મુસ્લિમ કિરદારમાં બતાવવામાં આવ્યા છે. પરંતુ ત્યારે જ રમખાણો થઈ જાય છે અને પછી સની પોતાના પરિવાર સાથે એક નવા ઘરમાં જાય છે. પરંતુ ત્યાં તે ઘરમાં તેમને એક વૃદ્ધ મહિલા દેખાય છે અને તે બોલે છે કે આ મારું ઘર છે અને આને હું છોડીને નહીં જાઉં. તે વૃદ્ધ મહિલા હિન્દુ છે અને તેને મારવા માટે કેટલાક મુસ્લિમ પુરુષો આવે છે, પરંતુ સની તે મહિલાને બચાવવા માટે બધા સાથે લડે છે.

ટ્રેલરમાં કરણ દેઓલ પણ દેખાય છે અને તેમનો જે ડાયલોગ આવે છે તે પરફેક્ટ છે તેમના પપ્પા અને તેમના માટે. કરણ બોલે છે તું મારા બાપને નથી જાણતો. તે ના ઘર જોશે અને ના સરહદ, સીધા ઘૂસીને મારશે.

ટ્રેલરમાં કેટલાક દમદાર ડાયલોગ્સ સાંભળવા મળ્યા છે જેમ કે મંદિર તોડવું ઈસ્લામ નથી. દરેક બાળકનો પહેલો મઝહબ મા હોય છે. માને હિન્દુ-મુસ્લિમમાં ના વહેંચો. મા પોતાનામાં જ એક મઝહબ છે. ફિલ્મ વિશે વાત કરીએ તો બટવારા ૧૯૪૭ને રાજકુમાર સંતોષીએ ડાયરેક્ટ કરી છે. રાજકુમાર અને સનીની ઘણા વર્ષો પછી સાથે વાપસી થઈ છે. આ પહેલા બંનેએ સાથે ઘાયલ, ઘાતક અને દામિની જેવી હિટ ફિલ્મો આપી છે. સનીનું કહેવું હતું કે, ફેન્સ બંનેના કોલેબરેશનની ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા.

## શૂટિંગ દરમિયાન ઘાયલ થયા જુનિયર એનટીઆરઃ ડોક્ટરોએ સંપૂર્ણ આરામની આપી સલાહ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ડૉક્ટરોએ ૬થી ૮ અઠવાડિયાના સંપૂર્ણ આરામની આપી સલાહ સાઉથના સુપરસ્ટાર જુનિયર એનટીઆર તેમની આગામી ફિલ્મ 'ડ્રેગન'ના શૂટિંગ દરમિયાન એક્શન સીનના શૂટ વખતે ખભામાં ઈજા થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની ટીમે સત્તાવાર નિવેદન જાહેર કરીને તેમના સ્વાસ્થ્ય અંગે માહિતી આપી છે અને ચાહકોને ગભરાવાની જરૂર નથી તેમ જણાવ્યું છે.

ટીમ દ્વારા ૨૭ જુલાઈએ જાહેર કરાયેલા નિવેદન અનુસાર, જુનિયર એનટીઆરને સાંજના સમયે ખભામાં ઈજા થઈ હતી. ત્યારબાદ તેમને તાત્કાલિક તબીબી તપાસ માટે લઈ જવામાં આવ્યા હતા. ડૉ. જે. મધુસૂદન રાવ અને ડૉ. આર. એ. પૂર્ણચંદ્ર તેજસ્વીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી તપાસ બાદ ડૉક્ટરોએ તેમને સંપૂર્ણ સાજા માટે ૬થી ૮ અઠવાડિયા સુધી સંપુર્ણ આરામ કરવાની સલાહ આપી છે.

નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે, "એનટીઆરને થયેલી ઈજા અંગે ચાહકોને જાણ કરીએ છીએ. તેમની સંપૂર્ણ સાજા થવા માટે ડૉક્ટરોએ આરામની ભલામણ કરી છે. ગભરાવાની કોઈ જરૂર નથી. તેમના સ્વાસ્થ્ય અને રિકવરી અંગે સમયાંતરે સત્તાવાર માહિતી આપવામાં આવશે."

અભિનેતાના સ્વાસ્થ્ય અંગેની માહિતી સામે આવતા જ સોશિયલ મીડિયા પર ચાહકો દ્વારા તેમના ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છાઓનો વરસાદ શરૂ થયો હતો. સાથે જ ફિલ્મના શૂટિંગ પર આ ઈજાની કેટલી અસર પડશે તે અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

પ્રશાંત નીલના દિગ્દર્શનમાં બની રહેલી 'ડ્રેગન' એક પેન-ઈન્ડિયા ફિલ્મ છે. ફિલ્મમાં જુનિયર એનટીઆર એક અસેસિનના રોલમાં જોવા મળશે. ફિલ્મમાં અનિલ કપૂર, બિજુ મેનન, રુક્મિણી વસંત, ખુશ્બુ સુંદર, ગુરુ સોમસુંદરમ, રાજીવ કનકાલા, આશુતોષ રાણા, અંશુમાન પુષ્કર, સિદ્ધાંત ગુપ્તા, પ્રભાસ શ્રીનુ, શતુ, શિવા અને ભીમલ જીત ઓબેરોય સહિતના કલાકારો પણ છે.

ફિલ્મની વાર્તા અંગે હજુ સુધી વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી. જોકે, 'ડ્રેગન' ૧૧ જૂન, ૨૦૨૭ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. હવે ચાહકો અભિનેતાની ઝડપી સ્વસ્થતા અને ફિલ્મ અંગેના આગામી અપડેટની રાહ જોઈ રહ્યા છે.

**ડેવિડ MCUનો નવો બ્લેક પેન્થર બનશે**

# હવે 'બ્લેક પેન્થર 3'માં ટી'ચાલાના પુત્રની ભૂમિકામાં ડેવિડ જોનસન જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

હોલિવૂડ એક્ટર ડેવિડ જોનસન, જેણે 'એલિયનઃ રોમ્યુલસ' અને 'ધ લોંગ વૉક' જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે, તે હવે માર્વેલ સિનેમેટિક યુનિવર્સનાં નવા બ્લેક પેન્થર તરીકે જોવા મળશે. તે 'બ્લેક પેન્થર ૩'માં ટી'ચાલાના પુત્ર પ્રિન્સ ટી'ચાલા IIની મુખ્ય ભૂમિકા ભજવશે.

૧૫ ડિસેમ્બર, ૨૦૨૮ના રોજ રિલીઝ થનારી આ ફિલ્મનું દિગ્દર્શન રાયન કુગલર કરી રહ્યા છે. ફિલ્મમાં પ્રિન્સ ટી'ચાલા IIને યુવાન અવસ્થામાં દર્શાવવામાં આવશે. આ પાત્રનો પરિચય ૨૦૨૨માં આવેલી 'બ્લેક પેન્થરઃ વાકાંડા ફોરએવર'માં એક બાળક તરીકે કરાવવામાં આવ્યો હતો.




સાન ડિએગો કોમિક-કોન દરમિયાન રાયન કુગલર અને માર્વેલ સ્ટુડિયોઝના પ્રમુખ કેવિન ફીજે ડેવિડ જોનસનને માર્વેલના આગામી બ્લેક પેન્થર તરીકે રજૂ કર્યો છે. ફિલ્મ એક કમિંગ-ઓફ-એજ સ્ટોરી હશે, જેમાં ટી'ચાલા II પોતાના પિતા ટી'ચાલાના વારસાનો ભાર સંભાળતા વાકાંડાના સિંહાસન પર પોતાનો હક સ્થાપિત કરવાની સફર શરૂ કરશે.

ફ્રેન્ચાઈઝીના જાણીતા કલાકારો લેટિશિયા રાઈટ અને વિન્સ્ટન ડ્યુક પણ ફિલ્મમાં શુરી અને એમ'બાકુના પાત્રમાં ફરી જોવા મળશે. ૨૦૨૦માં અભિનેતા ચેડવિક બોઝમેનનું કોલોન કેન્સરના કારણે નિધન થયાં બાદ 'વાકાંડા ફોરએવર'માં લેટિશિયા રાઈટે બ્લેક પેન્થરની જવાબદારી સંભાળી હતી. તે જ ફિલ્મમાં ટી'ચાલા અને નાકિયાના પુત્ર તરીકે ટી'ચાલા IIનું પાત્ર પ્રથમ વખત રજૂ કરવામાં આવ્યું હતું.

કોમિક-કોન દરમિયાન કેવિન ફાઈગીએ ખુલાસો કર્યો કે ડેવિડ જોનસનની પસંદગી એક મુલાકાત બાદ થઈ હતી. તેમણે કહ્યું, "અમે હજુ નવા બ્લેક પેન્થરની શોધ શરૂ પણ કરી નહોતી. ઓસ્કાર બાદ રાયન સાથે બેસીને આ પ્રક્રિયા શરૂ કરવાની યોજના હતી. પરંતુ રાયને એક હોટેલમાં ગુપ્ત રીતે ડેવિડને મળ્યા અને ત્યારબાદ મને ફોન કરીને કહ્યું – 'આ જ વ્યક્તિ છે. મને મારા અંતરમાં લાગ્યું કે, આ જ આગામી બ્લેક પેન્થર બનશે.'"

'બ્લેક પેન્થર'ની પ્રથમ ફિલ્મ ૨૦૧૮માં રિલીઝ થઈ હતી અને વિશ્વભરમાં આશરે ૧.૩ અબજ ડૉલરની કમાણી કરી હતી. ફિલ્મને સાત ઓસ્કાર નોમિનેશન મળ્યા હતા, જેમાં બેસ્ટ પિક્ચરનો સમાવેશ થતો હતો. ચેડવિક બોઝમેનના અવસાન બાદ રાયન કુગલરે ફિલ્મની વાર્તામાં ફેરફાર કરીને શુરીને બ્લેક પેન્થરની ભૂમિકામાં રજૂ કરી હતી. આ દરમિયાન ચાહકોને લેટિશિયા રાઈટને ફરી બ્લેક પેન્થર તરીકે જોવા માટે વધુ રાહ જોવી નહીં પડે, કારણ કે તે 'એવેન્જર્સઃ ડૂમ્સડે'માં પણ મહત્વનાં રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૧૮ ડિસેમ્બર ૨૦૨૮ ના રોજ રિલીઝ થશે.

# આસામના પૂર પીડિતોની મદદ માટે આગળ આવ્યા સલમાન ખાન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

આસામ રાજ્ય હાલમાં તાજેતરના વર્ષોના સૌથી ભયાનક પૂર સંકટનો સામનો કરી રહ્યું છે, જેના કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે. આ કપરા સમયમાં બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા પૂર પીડિતોની વહારે આવવાનો નિર્ણય કર્યો છે. અભિનેતા હાલમાં મુંબઈમાં ડાયરેક્ટર વંશી પેડિપલ્લીની આગામી અનટાઇટલ્ડ ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા છે, તેમ છતાં તેઓ મુંબઈથી જ સતત આસામની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

સલમાન ખાને પોતાની ચેરિટેબલ સંસ્થા 'Being Human' અને આસામ સ્થિત તેમના સત્તાવાર ફેન ક્લબ સાથે મળીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક રાહત સામગ્રી પહોંચાડવા માટે એક મોટા પાયા પર રિલીફ ડ્રાઈવ શરૂ કરી છે. સલમાન ખાનની સૂચનાથી આ આખી રાહત પ્રક્રિયાને તબક્કાવાર રીતે અમલમાં મૂકવામાં આવી રહી છે.

રિપોર્ટ્સ અનુસાર, આ અભિયાનના પ્રથમ તબક્કામાં પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયેલા શિવસાગર વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ગુવાહાટીથી પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રીનું પરિવહન કરવામાં આવી રહ્યું છે. સલમાન ખાન ફેન ક્લબ આસામના સ્થાનિક સ્વયંસેવકો ઓન-ગ્રાઉન્ડ જઈને ખૂબ જ સક્રિયતાથી લોકો સુધી સીધી મદદ પહોંચાડી રહ્યા છે.

પૂરના કારણે અનેક વિસ્તારોમાં રાંધવાની વ્યવસ્થા ન હોવાથી, પ્રથમ તબક્કામાં ખાસ 'રેડી-ટુ-ઈટ' ફૂડ પેકેટ્સ વહેંચવામાં આવી રહ્યા છે. આ ફૂડ પેકેટમાં બિસ્કિટ, ગોળ, પૌઆ, મમરા, બ્રેડ, ચીઝ અને જામ જેવી ખાદ્ય સામગ્રીનો સમાવેશ કરાયો છે. સલમાન ખાનની પ્રાથમિકતા એ સુનિશ્ચિત કરવાની છે કે પૂરથી ઘેરાયેલા દરેક પરિવાર પાસે ઓછામાં ઓછા 3 દિવસ ચાલે એટલું ભોજન ઉપલબ્ધ રહે. ખાદ્યપદાર્થો ઉપરાંત, પૂરના પાણીથી ફેલાતા રોગોને રોકવા માટે પીવાનું શુદ્ધ પાણી, વોટર પ્યુરિફિકેશન ટેબ્લેટ્સ, મચ્છરોથી બચવા માટે મોસ્કિટો કોઈલ્સ અને મહિલાઓ માટે સેનિટરી પેડ્સ પણ મોટા પાયે વિતરણ કરવામાં આવી રહ્યા છે.

આ રિલીફ ડ્રાઈવ માત્ર તાત્કાલિક ભોજન પૂરું પાડવા પૂરતી સીમિત નથી, પરંતુ સલમાને લાંબા ગાળાના આયોજન સાથેની મદદ તૈયાર કરી છે. આગામી સપ્તાહથી શરૂ થનારા બીજા તબક્કામાં અસરગ્રસ્ત પરિવારોને સંપૂર્ણ રાશન કીટ અને જરૂરી તબીબી દવાઓ પૂરી પાડવામાં આવશે. આ સાથે જ, પૂરના પાણી ઓસર્યા બાદ અંતિમ તબક્કામાં, ભારે પૂરને કારણે ક્ષતિગ્રસ્ત થયેલી સ્થાનિક શાળાઓ અને હૉસ્પિટલોના પુનઃનિર્માણ માટે પણ 'Being Human' સંસ્થા આર્થિક અને માળખાકીય સહયોગ આપશે, જેથી સ્થાનિક સમુદાયો ફરીથી બેઠા થઈ શકે. સલમાન ખાનના આ પગલા બાદ બોલિવૂડની અન્ય હસ્તીઓ જેમ કે ભૂમિ પેડનેકર વગેરે પણ અલગ-અલગ ફાઉન્ડેશન દ્વારા આસામની મદદ માટે આગળ આવી રહી છે.

# ચીખલી આલીપોર સ્થિત વસુધારા ડેરીના નિવૃત્ત એમડી નરેન્દ્રભાઈ વશીનું ટૂંકી માંદગી બાદ નિધન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**ચીખલી(વંકાલ), તા.૨૯:** વસુધારા ડેરીમાં ચાર દાયકાથી વધુ સમયથી ફરજ બજાવતા અને છેલ્લે એમડી તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા નરેન્દ્રભાઈ વશીનું ટૂંકી માંદગી બાદ બુધવારે સવારે તેમના નિવાસ સ્થાન મજીગામ ખાતે દુઃખદ અવસાન થયું હતું. વસુધારા ડેરીમાં લાંબા સમય સુધી ફરજ બજાવીને વસુધારા ડેરીને પ્રગતિના સોપાન ઉપર લઈ જનાર નરેન્દ્રભાઈ વશીના પાર્થિવ દેહને બપોરે આલીપોર વસુધારા ડેરી ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં ડેરીના અધિકારીઓ, કર્મચારીઓ, કામદારો તેમજ વસુધારા ડેરીના ચેરમેન રાજાભાઈ પટેલ, ડિરેક્ટર કિશોરભાઈ હરિભાઈ, ઈન્ચાર્જ એમડી વિજયભાઈ કાપડિયા, કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, માજી સાંસદ કાનજીભાઈ પટેલ, ક્વોરી એસોસિએશનના પ્રમુખ સલીમભાઈ પટેલ, સહકારી મંડળીના હોદ્દેદારો અને દૂધ ઉત્પાદકો તેમજ વસુધારા ડેરીના ડિરેક્ટરોએ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પી હતી. દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લા જેવા આદિવાસી વિસ્તારમાં વસુધારા ડેરીને વિકાસના પંથે લઈ જવામાં સદ્‌ગતની ભૂમિકા અગ્રેસર રહેવા પામી હતી.

# વલસાડ-ડાંગમાં ૧૩ દુકાન-હોટલમાંથી હલકી કક્ષાની ખાદ્ય સામગ્રી મળી આવી

## તંત્ર દ્વારા તમામ ૧૩ પેઢીને નોટિસ ફટકારી તેઓ વિરૂધ્ધ નિવાસી અધિક કલેક્ટરની કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**વલસાડ, તા.૨૯**

વલસાડ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વલસાડ-ડાંગમાં આવેલી હોટલો તથા રેસ્ટોરેન્ટ, ખાણી પીણી દુકાનો, તથા ડેરીઓની તપાસણી કરી ખાદ્ય સામગ્રીના નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી ૧૩ નમૂના નાપાસ થતા હવે તમામને નોટિસ ફટકારી તેઓ સામે એડ્‌જ્યુડીકેટીંગ કેસ (નિવાસી અધિક કલેક્ટરશ્રીની કોર્ટમાં કેસ) દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વલસાડ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રી આશિષ આર.વળવીના જણાવ્યા અનુસાર, વલસાડ અને ડાંગ જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આ કામગીરી દરમિયાન (૧) વલસાડના ગુંદલાવ જીઆઈડીસી ખાતે આવેલી હોટલ ફલાહમાં લુઝ પનીર, (૨) પારડીના કોલક ગામમાં ઝંડા ચોક ખાતે આવેલી મહાદેવ આઈસ્ક્રીમ દુકાનમાં લુઝ પનીર, (૩) પારડીના કલસરમાં મહાવીર સ્વીટ એન્ડ ડેરીમાં લુઝ પનીર, (૪) પારડીની ન્યુ શ્રીનાથ ડેરીમાંથી લુઝ પનીર, (૫) પારડીના રેંટલાવ ખાતે શિવ આરતી ડેરીમાં ભેંસનું લુઝ દૂધ, (૬) પારડીના ઉદવાદા રેલવે સ્ટેશન ખાતે સાંઈ ફાસ્ટ ફૂડમાંથી પાનીપુરી સ્પાઈસી વોટર (પ્રિપરેડ ફૂડ લુઝ), (૭) ઉમરગામના ફણસામાં બજાર ફળિયા ખાતે આવેલી ક્રિષ્ના દુધ ડેરીમાં ભેંસનું લુઝ દૂધ, (૮) વાપીમાં ગુંજન ખાતે ગૌતમ કિરાણા સ્ટોરમાં આવેલી શ્રીજી ડેરીમાંથી ગાયનું લુઝ દૂધ, (૯) વાપી દમણ રોડ પર આવેલી ગજાનંદ રેસ્ટોરન્ટમાંથી લુઝ પનીર અને (૧૦) વાપી ખાતે ન્યુ સાવરીયા ડેરીમાં ગાયનું લુઝ દૂધ અને (૧૧) વાપીના ચલા ખાતે આવેલી રાજકમલ ડેરીમાંથી ગાયનું લૂઝ દૂધ સબસ્ટાન્ડર્ડ એટલે કે, નક્કી કરેલા ધારા ધોરણો કરતા નીચૂં હલકી ગુણવત્તાવાળુ હોવાનું લેબોરેટરી પરિક્ષણમાં પૂરવાર થયું છે. જેથી વલસાડ જિલ્લાની આ તમામ ૧૧ અને ડાંગ જિલ્લાની બે સંસ્થા મળી કુલ ૧૩ને નોટિસ ફટકારી તેઓ વિરૂધ્ધ નિવાસી અધિક કલેક્ટરશ્રીની કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ડાંગ જિલ્લામાં જે બે સંસ્થા સામે કાર્યવાહી કરવામાં આવી છે તેમાં (૧૨) ડાંગના આહવા તાલુકામાં સાપુતારા ખાતે ન્યુ શોપીંગ સેન્ટરમાં એ-૧ દુકાનમાં આવેલી એ વન ફાસ્ટ ફુડ અને રેસ્ટોરન્ટમાંથી રાજહંસ કંપનીનું પનીરનું એક કિ.ગ્રા.પાઉચ લો ફેટવાળુ મળી આવ્યું હતું. આ સિવાય (૧૩) ડાંગના સાપુતારા ખાતે આવેલી ખોડિયાર કાઠીયાવાડી રેસ્ટોરન્ટમાંથી મિલ્કી મોર લો ફેટ પનીર (કંપની પેકીંગ પાઉચ) મળી આવ્યું હતું.

# વલસાડમાં જળપ્રલય વચ્ચે પીડિતોના આંસુ લૂછવા દેવદૂત બન્યું ‘સહેલી ગ્રૂપ’: પત્રકાર પરિવારની મહિલાઓની હૃદયસ્પર્શી સેવા





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**વલસાડ, તા.૨૯**

તા.૨૩ જુલાઈના ગોઝારા વરસાદ અને ગાંડીતૂર બનેલી ઔરંગા નદીએ વલસાડમાં જે વિનાશ વેર્યો છે, તેમાં ગરીબોના ઝૂંપડાં અને સામાન્ય લોકોના ઘરોની સાથે તેમના સપનાંઓ પણ જળમગ્ન થઈ ગયા હતા, પરંતુ પાણી ઓસર્યા બાદ સામે આવેલા તારાજીના હૃદયદ્રાવક દ્રશ્યો અને વલસાડવાસીઓના છલકાતા આંસુ જોઈને પત્રકાર પરિવારની પત્નીઓ અને મહિલા પત્રકારો થકી બનેલા ‘સહેલી ગ્રુપ’નું હેયું દ્રવી ઊઠ્યું હતું.

પૂરગ્રસ્તોની પીડાથી વ્યથિત થઈને આ મહિલાઓ એક પળનો પણ વિલંબ કર્યા વિના દુઃખિયારાઓની વ્હારે નીકળી પડી હતી અને પ્રથમ દિવસે કૈલાસ રોડના ગોલીબાર વિસ્તારમાં તેમજ આજે મોગરાવાડીની ૫૬ નગરીના કાદવ-કીચડ વચ્ચે જઈને પીડિતોને ‘માતાજીના પ્રસાદ’રૂપે જીવનજરૂરી સહાય અર્પણ કરી હતી. ભયાનક આપત્તિનો સામનો કરી રહેલા પરિવારોને હૂંફ આપતા સહેલી ગ્રુપે મહિલાઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને સેનેટરી પેડ, નાના બાળકોથી લઈને વડીલો માટે કપડાં, સૂકો નાસ્તો અને પીવાનું શુદ્ધ પાણી વિતરણ કરીને માતૃશક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

એક તરફ જ્યાં વહીવટી તંત્ર અને અન્ય સંસ્થાઓ કામે લાગી છે, ત્યારે પોતાના કપરાં સમયમાં કોઈએ પોતાના સ્વજન ગણીને લંબાવેલો આ મદદનો હાથ જોઈને ભાવુક બનેલા જરૂરિયાતમંદ પરિવારોની આંખો ભીની થઈ ગઈ હતી અને તેઓ ‘સહેલી ગ્રુપ’ની આ નિઃસ્વાર્થ સેવાને બે હાથ જોડીને અંતરના આશીર્વાદ આપ્યા હતા.

# સુરત ખાતે ૨ ઓગસ્ટે લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ 3232 F2નો ૨૩મો ડિસ્ટ્રીક્ટ કેબિનેટ ઈન્સ્ટોલેશન સમારોહ યોજાશે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)

**વાપી, તા.૨૯**

લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ 3232 F2 દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના ૨૩મા ડિસ્ટ્રીક્ટ કેબિનેટ ઈન્સ્ટોલેશન સમારોહનું ભવ્ય આયોજન આગામી રવિવાર, તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૮.૩૦ ક્લાકે ધ ફર્ન વિશ્રાંતા બાય મેરિયોટ, કામરેજ, સુરત ખાતે કરવામાં આવ્યું છે. જિલ્લા ગવર્નર લાયન હેમલ પટેલ (MJF)ના નેતૃત્વ હેઠળ યોજાનારો આ ભવ્ય સમારોહ ડિસ્ટ્રીક્ટ માટે ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક બની રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સમારોહમાં લાયન રાજ મુચ્છાલ ઈન્સ્ટોલિંગ ઓફિસર તરીકે ઉપસ્થિત રહેશે, જ્યારે લાયન આરથી ધનબાલન સ્પેશિયલ ગેસ્ટ તરીકે તથા ઈમિડિયેટ પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન મોના દેસાઈ ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહી સમારોહને ગૌરવવંતો બનાવશે. ઉપરાંત પાસ્ટ ઈન્ટરનેશનલ ઓફિસરો, ડિસ્ટ્રીક્ટ ગવર્નર્સ, ડી.જી. ટીમ, રીજન ચેરપર્સન, ઝોન ચેરપર્સન તથા વિવિધ લાયન્સ ક્લબોના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં હાજરી આપશે.

આ પ્રસંગે વર્ષ ૨૦૨૬-૨૭ના ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાઈન હેમલ પટેલ, ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન પ્રિયંકા જૈન રાવલ, સેકન્ડ વાઈસ ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન દર્શના તુર્કિયા, ડિસ્ટ્રીક્ટ કેબિનેટ સેક્રેટરી લાયન કીર્તિ ખિલોશિયા તથા ડિસ્ટ્રીક્ટ કેબિનેટ ટ્રેઝરર લાયન પલેશ ખમાર સહિત ડિસ્ટ્રીક્ટ કેબિનેટના તમામ હોદ્દેદારો, રીજન ચેરપર્સન, ઝોન ચેરપર્સન, GAT ટીમ તથા અન્ય ડિસ્ટ્રીક્ટ અધિકારીઓનું વિધિવત્ ઈન્સ્ટોલેશન કરવામાં આવશે. આ સાથે તમામ હોદ્દેદારો વર્ષ દરમિયાન સોંપવામાં આવેલી જવાબદારીઓ નિષ્ઠા, સમર્પણ અને સેવાભાવ સાથે નિભાવવાની પ્રતિજ્ઞા લેશે.

સમારોહ દરમિયાન આગામી વર્ષ માટેના સેવા સંકલ્પોની જાહેરાત કરવામાં આવશે તેમજ લાયન્સ ઈન્ટરનેશનલના સેવા પ્રકલ્પોને વધુ અસરકારક, વ્યાપક અને જનઉપયોગી બનાવવા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે. સેવા, નેતૃત્વ અને સમાજકલ્યાણના મૂલ્યોને વધુ મજબૂત બનાવવાના હેતુથી વિવિધ આયામો પર પણ ચર્ચા કરવામાં આવશે.

ડિસ્ટ્રીક્ટ કેબિનેટ દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે અને અનુભવી લાયન્સ ઓફિસરોને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે. કેબિનેટ ઈન્સ્ટોલેશન ચેરપર્સન તરીકે પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન સંજીવ કેસરવાની, વાઈસ ચેરપર્સન તરીકે પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન ડૉ. ભાનુ પટેલ તથા પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન મુકેશ પટેલ સેવા આપી રહ્યા છે. જ્યારે પ્રોગ્રામ કન્વીનર તરીકે લાયન રાજેશ સિંઘવી અને પ્રોગ્રામ કો-કન્વીનર તરીકે લાયન કેતન પટેલ તથા મોટી સંખ્યામાં લાયન્સ સભ્યો સમગ્ર કાર્યક્રમના સૂચારૂ અને સફળ આયોજન માટે સતત કાર્યરત સેવા આપી રહ્યા છે. ડિસ્ટ્રીક્ટ કેબિનેટે તમામ લાયન્સ સભ્યો, આમંત્રિત મહાનુભાવો તથા શુભેચ્છકોને સમયસર ઉપસ્થિત રહી આ ભવ્ય સમારોહને સફળ બનાવવાની હાર્દિક અપીલ કરી છે.

# ખેરગામ જગદમ્બા ધામમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવાયોઃ બજરંગદાસ બાપાનું પૂજન થયું



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**પારડી, તા.૨૯**

ખેરગામ જગદમ્બાધામમાં કથાકાર પ્રફુલભાઈ શુક્લની પ્રેરણાથી વાપીના ડો.ફાલ્ગુનીબેન સંજયભાઈ દેસાઈના યજમાન પદે ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો હતો. પ્રથમ ગણેશપુજા કરીને બજરંગદાસ બાપાનું પૂજન કરવામાં આવ્યુ હતું.

ઉમરગામના યુવા નેતા વિજયભાઈ પાટકર અને ધોડિપાડાના સરપંચ મીનાબેન પાટકરને ૧૩ મી ઓગસ્ટથી ભાગવત કથાનું મુહૂર્ત અપાયું હતું. સાથે નારગોલના ભંડારી સમાજના પ્રમુખ યતીનભાઈ ભંડારી, સરપંચ સ્વીટીબેન ભંડારી અને ગ્રામજનોને ૨૦મી ઓગસ્ટથી શિવ કથાનું મુહૂર્ત અપાયું હતું.

આ પ્રસંગે નવસારી જિલ્લા ભા.જ.પ. ઉપ પ્રમુખ, અશોકભાઈ ગજેરા, ખેરગામના મામલતદાર શ્રી પટેલ, વેપારી મંડળના પ્રમુખ અમ્રતભાઈ શિવશક્તિ, મુકેશસિંહ રાઠોડ દુલસાડ, વિનોદભાઈ ભજનિક વલંડી, કિસાન મોરચા ઉપ પ્રમુખ શંભુભાઈ દેસાઈ, તાલુકા ભા.જ.પ. પ્રમુખ લીતેશભાઈ ગાંવિત, ખેરગામ તાલુકા ભા.જ.પ. પરિવાર, ભોતેશભાઈ કંસારા, કીર્તિભાઈ પંચાલ કિલ્લા પારડી, જગુભાઈ પટેલ સુખેસ, દિલીપભાઈ ટંડેલ કોસંબા, વિમલભાઈ ભટ્ટ તીઘરા, અલ્પેશભાઈ ભટ્ટ સલવાવ, આયુસ, આદર્શ જાની વલસાડ, જીગ્નેશ આહીર, મુકેશ સોમનાથ, બિપીનભાઈ પટેલ ભેરવી જેસીંગભાઈ પટેલ, વિનયભાઈ નાયક દમણ, કિશન દવે, જ્યાનંદ સેલવાસ, બાલકૃષ્ન દવે કાપરીયા, અંકુર શુક્લ મિનેષ પટેલ, હિતેશ રાણા, સહિત મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યાં હતા. બાપાનો થાળ કરીને ભોજન ભંડારો કરાયો હતો. ‘‘બાપા સીતારામ’’ ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. રંગે ચંગે ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો હતો.

# વાપી છરવાડા શ્રી રાજ રાજેશ્વરી વિદ્યામંદિરમાં વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિનની ઉજવણી કરાઈ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)

**વાપી, તા.૨૯**





શ્રી રાજ રાજેશ્વરી વિદ્યા મંદિર ખાતે તા.૨૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં તમામ ધોરણોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પ્રકૃતિના સંરક્ષણ અને પર્યાવરણની જાળવણી પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો તેમજ ભાવિ પેઢી માટે હરિયાળું અને સ્વચ્છ પર્યાવરણ જાળવવાની જવાબદારીનો સંદેશ આપવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત વિશેષ પ્રાર્થના સભાથી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ પ્રકૃતિ સંરક્ષણના મહત્ત્વ અંગે પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ વિવિધ ધોરણો માટે વર્ગવાર સર્જનાત્મક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ચિત્રકલા સ્પર્ધા, કાગળની થેલી બનાવવાની પ્રવૃત્તિ, પોસ્ટર નિર્માણ રોપાનું વાવેતર, સૂત્રલેખન વગેરે પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પોતાની સર્જનાત્મક તથા પર્યાવરણ પ્રત્યેની જાગૃતિનું સુંદર પ્રદર્શન કર્યું. આ પ્રસંગે શાળાના ‘‘આદરણીય ચેરમેન શ્રી હિંમતસિંહજી જાડેજાની ગૌરવમય ઉપસ્થિતિ રહી. તેમણે પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં કુદરતી સંસાધનોના સંરક્ષણનું મહત્ત્વ સમજાવી સૌને ટકાઉ અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રકૃતિના જતનનો સંકલ્પ લેવા પ્રેરિત કર્યા.

શાળાના આચાર્યા ડો.રાજેશ્વરી પરમારે વિદ્યાર્થીઓને પર્યાવરણ મંત્રીપૂર્ણ જીવનશૈલી અપનાવવા, વૃક્ષોનું સંરક્ષણ કરવા અને પ્રકૃતિના જવાબદારી રક્ષક બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાના કાઉન્સેલર શ્રીમતી ભારતીબા જાડેજાએ પણ પોતાના માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓને નાનાં-નાનાં પરંતુ અર્થપૂર્ણ પ્રયાસો દ્વારા હરિયાળું અને સ્વચ્છ પર્યાવરણ નિર્માણમાં યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓની કૃતિઓની પ્રશંસા કરવામાં આવી અને સૌએ મળીને પ્રકૃતિના સંરક્ષણ તથા પર્યાવરણની જાળવણી માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# વલસાડ જિલ્લામાં માર્ગ અને મકાન (સ્ટેટ) દ્વારા ૧૫૦૦ ટનથી વધુ જીએસબી મટીરીયલ અને ઈકોફિક્સ મટીરીયલથી માર્ગોની મરામત કામગીરી ચાલું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**વલસાડ, તા.૨૯**

વલસાડ જિલ્લાના વલસાડ સહિત ૬ તાલુકાઓમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદને કારણે અનેક રાજ્ય ધોરીમાર્ગો અને મુખ્ય જિલ્લા માર્ગોને વ્યાપક નુકસાન થયું હતું. વરસાદી પાણીના પ્રવાહથી રસ્તાઓ ધોવાઈ ગયા હતા, રેઈન કટ સર્જાયા હતા અને વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, માર્ગ અને મકાન વિભાગ, વલસાડ (રાજ્ય) દ્વારા તાત્કાલિક યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. વરસાદનો વિરામ મળતાં જ માર્ગ અને મકાન વિભાગ વલસાડ (રાજ્ય)ના અધિકારીઓ અને કર્મચારીઓએ અસરગ્રસ્ત માર્ગોનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું. આ ટીમોએ રેઈન કટ ભરવા, ધોવાઈ ગયેલા માર્ગોનું પુરાણ કરવા, રોડ સાઈડ ડ્રેઈનની સફાઈ કરવા અને રસ્તા પર જમા થયેલી માટી, કાંકરી તથા કાટમાળ દૂર કરવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરી હતી.

આ કામગીરીના પરિણામે, જિલ્લાના મુખ્ય શહેરો અને ગામો વચ્ચેનો સંપર્ક ફરી સ્થાપિત થતાં ખેડૂતો, વિદ્યાર્થીઓ, ઈમરજન્સી સેવાઓ અને સામાન્ય નાગરિકોને અવરજવરમાં રાહત મળી છે. આજે ૧૫ ટીમ, ૧૨૩ મેન પાવર, ૨૫ જેસીબી, ૪ ટ્રેક્ટર,૫ ડમ્પર, અંદાજી ૧૫૦૦ ટનથી વધુ જીએસબી મટીરીયલ અને ઈકોફીક્સ મટીરીયલથી મરામતની કામગીરી પ્રગતિમાં છે. આગામી દિવસોમાં પણ તમામ રાજ્ય ધોરીમાર્ગો અને મુખ્ય જિલ્લા માર્ગોનું સતત મોનિટરિંગ ચાલું રહેશે, જેથી નાગરિકોને સુરક્ષિત અને અવરોધમુક્ત વાહનવ્યવહારની સુવિધા મળતી રહે.

**CHANGE OF NAME**

OLD NAME
NARENDRA SINGH PRITAM SINGH RANCE
NEW NAME
**NARENDRA SINGH RANCE PRITAM SINGH RANCE**
ADD.: TIRUPATI APARTMENT B BUILDING D WING SAGAR SAMRAT ROAD KHARIWAD NANI DAMAN DAMAN.

**CHANGE OF NAME**

OLD NAME: RINAKSHI GIRI
**NEW NAME: RINAKSHI SUBHENDU PRADHAN**
ADD.: THE ADDRESS ROW HOUSE NO. E 04, SR.NO. 342 1A, 354 1 AND 311, AIRPORT ROAD, OPPOSITE COAST GUARD, KATHIRIYA, NANI DAMAN, DAMAN - 396210.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM HIMANSHUKUMAR KANUBHAI SOLANKI TO NEW NAME **HIMANSHU KANUBHAI SOLANKI.** I WILL BE KNOWN BY MY NEW NAME HIMANSHU KANUBHAI SOLANKI AS PER MY DOCUMENTS.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM CHAITALI BHARAT PATEL TO
**NEW NAME CHAITALI KEYURKUMAR PATEL**
AS PER DOCUMENTS.
**ADD:** 89/3, NANI VANKAD, BHIMPOR, DAMAN - 396210.

**UT Administration of Dadra & Nagar Haveli and Daman & Diu**

**Samagra Shiksha-Diu**

Walk-In Interview for the various posts on Short Term Contract Basis under Samagra Shiksha, Diu for Academic Year (2026-27).

**No:** EDN/SS/DIU/STC-PGT/RECRUITMENT/2026-27/237

**Dated:** 28-07-2026

| | |
|---|---|
| Date & Time: | 10-08-2026 at 09:30 am |
| Venue: | Govt. Higher Secondary School, Diu |

Scan for more details or visit diu.gov.in

**Education Department, Collectorate, Diu**

No. IP/DMN/2/5/2026-27/365, Dated: 29/07/2026

**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન**

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

**ટેન્ડર સૂચના**

દીવમાં પોથિયાદાદા, ડાયનોસોર પાર્ક નજીક પ્રીમિયમ હોટેલ/રિસોર્ટના વિકાસ, સંચાલન અને જાળવણી માટે સરકારી જમીનના આઉટસોર્સિંગ આપવા માટે આરએફપી

ટેન્ડર ID: 2026_DAMAN_4904_1

ટેન્ડર નં. : 3/152/DT/DNH&DD/Hotel/DP/Diu/2026-27/185

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

| | |
|---|---|
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 17/08/2026 |
| બિડ ખોલવાની તારીખ | : 18/08/2026 |

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - 396215

No. IP/DMN/2/5/2026-27/363, Dated: 29/07/2026

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

નાની દમણ સ્થિત દેવકા ગાર્ડન ખાતે એક્વેરિયમ બિલ્ડિંગ, મ્યુઝિયમ બિલ્ડિંગ, સ્ટેશન કિઓસ્ક અને ફૂડ કોર્ટની દુકાનો માટેના વિદ્યુતીકરણના કામ અંગે. (E-47702) (બીજી વખતની જાહેરાત).

ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_4902_1

| | |
|---|---|
| પ્રીબીડ મીટિંગ તારીખ | : --- |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 31/07/2026 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 31/07/2026 |
| બિડ ખોલવાની તારીખ | : 31/07/2026 |

For details please scan https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

No. IP/DMN/2/5/2026-27/359, Dated: 29/07/2026

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

### વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી વ્યાપક નુકસાન

# વહીવટી તંત્ર દ્વારા ૩૨૩૯૨ લાભાર્થીઓને રૂ.૧૩૦૧.૩૫૨ લાખની સહાય ચૂકવાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૯**

વલસાડ જિલ્લામાં પ્રવર્તમાન ચોમાસા દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે નોંધપાત્ર નુકસાન થયું છે. આ કુદરતી આપત્તિને પહોંચી વળવા અને અસરગ્રસ્તોને મદદરૂપ થવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે બચાવ, રાહત અને સહાય વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

પ્રાથમિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે કેશ ડોલ્સ અને ઘરવખરી સહાય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વલસાડ પુર નિયંત્રણ કક્ષ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર તા.૨૮-૦૭-૨૬ સુધી કેશ ડોલ્સ અંતર્ગત જિલ્લામાં ૧૯૬૧૩ પરિવારોનો સર્વે કરી તેમાંથી ૧૫૫૦૫ પરિવારોને રૂપિયા ૨.૮૮ કરોડની સહાય પૂરી પાડવામાં આવી છે. તેવી જ રીતે, ઘરવખરી ગુમાવનાર ૨૪૦૨૫ પરિવારોનો સર્વે કરવામાં આવ્યો છે, જેમાંથી ૧૬૩૨૭ પરિવારોને રૂ.૮.૧૮ કરોડ ચૂકવાયા છે.

માનવ મૃત્યુના નોંધાયેલા ૧૯ કિસ્સાઓમાંથી ૭ કિસ્સાઓમાં મૃતકોના પરિવાર જનોને રૂ.૩૨ લાખની સહાય ચૂકવાઈ ગઈ છે. પશુસહાય અંતર્ગત ૨૬૭ પશુઓ માટે રૂ.૨૭.૯ લાખ ચૂકવાયા છે અને ૧૮૫ પશુઓ માટે સહાય બાકી છે. ઝૂંપડાં તથા કાચા અને પાકા ૫૨૦ મકાનોને પણ નુકસાન થયું હતું જે પૈકી ૨૮૬ મકાન માલિકોને રૂ.૧.૩૪ કરોડની સહાય આપી દેવામાં આવી છે.

સમગ્ર જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો મળીને વહીવટી તંત્ર દ્વારા કુલ ૪૫૦૮૯ સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે પૈકી અત્યાર સુધીમાં ૩૨૩૯૨ લાભાર્થીઓને કુલ રૂ.૧૩.૦૧ કરોડની રકમ ચૂકવવામાં આવી છે, વહીવટી તંત્ર દ્વારા બાકી રહેલા તમામ અસરગ્રસ્તોને સત્વરે સહાય પહોંચાડવાની દિશામાં કામગીરી પ્રગતિમાં છે.

# વલસાડ પાલિકાના સફાઈ કામદારોની સરાહનીય કામગીરી: ચાર દિવસમાં કચરો, કાદવ, ગંદકી દૂર કરી શહેરને ચોખ્ખુ કર્યું






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

વલસાડમાં સતત ચાર દિવસ ભારે વરસેલા વરસાદને લઈ શહેરમાં કાદવ, કીચ્ચડ અને ગંદકીનું સામ્રાજ્ય પથરાઈ ચૂક્યું હતું. તમામ રસ્તાઓ ઉપરથી લોકોને અવરજવર કરી ભારે મુશ્કેલી વેઠવી પડી હતી. પરંતુ નગર પાલિકાના સફાઈ કામદારોએ કમર કસી ભારે મહેનત કરીને શહેરને ચાર દિવસમાં સ્વચ્છ કરી દેતા નગરજનો સફાઈ કામદારો માટે અહોભાવ પ્રગટ કરીને ધન્યવાદ આપી રહ્યા છે.

વલસાડના દાણાબજાર માર્કેટ સહિતના અન્ય માર્કેટ મેઈન રોડ ઉપર અનાજ, સામાન, કચરા વગેરેના ઢગ થઈ ગયા હતા તેથી રોજીંદી અવરજવર, કાદવ-કીચડ અને ગંદકીમાં લોકોને કરવી પડી હતી પરંતુ કામદારોની કટીબધ્ધતાએ માત્ર ચાર દિવસમાં ભારે પુરુષાર્થ કરી શહેરને સ્વચ્છ કરી દીધું છે. જ્યાં જરૂર પડે ત્યાં જેસીબી, ટ્રેક્ટર વગેરેની સહાય લઈને સતત ચલાવેલા સફાઈ અભિયાન થકી શહેર મૂળ સ્થિતિમાં સફાઈ કામદારોએ લાવી દીધુ છે. હજુ પણ જે તે વિસ્તાર બાકી રહેલા છે ત્યાં ત્યાં સફાઈ અભિયાન સતત ચાલુ રાખવામાં આવશે. વરસાદે સર્જેલી અતિવૃષ્ટિની પરાકાષ્ઠાની વ્યાખ્યા કરવી કઠીન છે. અનેક પ્રકારની હાલાકીની પુર અને અતિવૃષ્ટિએ ભેટ આપ્યા છે. એક સપ્તાહ સુધી જનજીવનની રફતાર ઠપ થઈ ગઈ હતી જે ધીરે ધીરે થાળે પડી રહી છે.

# વાપી મહેસાણા સમાજના ભાઈઓ-બહેનો દ્વારા પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં રાશન કિટનું વિતરણ કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

વાપી વિસ્તચારમાં જુલાઈ તા.૨૨, ૨૩, ૨૪ માં બેફામ અતિવૃષ્ટિ થઈ હતી. પરિણામે અનેક સોસાયટીઓ, ગ્રામ્ય વિસ્તારમાં પૂરના પાણી ઘૂસી ગયા હતા. સેંકડો પરિવારોના ઘરોમાં પાણી ઘૂસી જતા રાશન, ફર્નિચર, ઘરનું રાચરચીલું પૂરમાં તણાઈ ગયું હતું. અમુક વિસ્તારો ત્રણ થી પાંચ ફૂટ જેટલા પાણીમાં ભરાઈ ગયા હતા. પૂર ઉતર્યા બાદ તબાહી અને બેહાલીની સ્થિતિ સામે આવી હતી. પરંતુ પૂરગ્રસ્ત લોકોની વ્હારે સમાજ સેવી સંસ્થાઓ માનવતાની ભગીરથ કામગીરી ઉપાડી લીધી હતી. આ અનુસંધાનમાં વાપી મહેસાણા સમાજના ભાઈઓ-બહેનોએ સેંકડો રાહત સામગ્રીની કીટો બનાવીને પૂર અસરગ્રસ્તોના વિસ્તારોમાં ફરી ફરી વિતરણ કરી હતી.

અતિવૃષ્ટિના સંકટમાં પરશુરામની ભૂમિ વાપીએ પણ કુદરતી આ આફતનો પડકાર ઝીલી લીધો છે. નામી અનામી અનેક સામાજીક સંસ્થાઓ વ્યક્તિગત સેવાભાવિ લોકોએ માનવતા ઉજાગર કરીને ખુણે ખુણે પહોંચીને જરૂરી રાશન સામગ્રીની કીટો પહોંચાઈ રહી છે. આજે પણ વાપી સહિત વલસાડ જિલ્લામાં પૂરગ્રસ્ત લોકો માટે ઠેર ઠેર સેવા યજ્ઞો ચાલી રહ્યા છે.

# કપરાડાના નારવડમાં વાહનનો પીછો કરતા આરટીઓની ગાડી પલટી, ઈન્સ્પેક્ટર સહિત ત્રણ ઘાયલ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૯:** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નારવડ ગામ નજીક બુધવારે આરટીઓ વિભાગની જીપને અકસ્માત નડતાં આરટીઓ ઈન્સ્પેક્ટર સહિત ત્રણ લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની ઘટના બાદ સ્થાનિકોમાં ભારે ચર્ચા જાગી હતી. સદનસીબે અકસ્માત ગંભીર સાબિત થયો નહોતો અને વાહનમાં સવાર તમામ લોકોને આભાદ બચાવ થયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, આરટીઓની ટીમ નિયમિત ચેકિંગ અને કાર્યવાહી દરમિયાન એક વાહનનો પીછો કરી રહી હતી. આ દરમિયાન નારવડ ગામ પાસે વરસાદને કારણે રોડની સાઈડ નરમ અને ધોવાઈ ગયેલી હોવાથી જીપનો એક તરફનો ટાયર રસ્તાની બહાર ઉતરી ગયો હતો. જેના કારણે ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવતા જીપ રોડની બાજુએ ઉતરી પલટી મારી ગઈ હતી.

# વાપી શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશ શાહે રાજીનામું આપ્યું

**રાજીનામાપત્ર મુજબ અંગત કારણોસર રાજીનામું આપ્યાનું જણાવ્યું, વ્યવસાયિક અને સેવા માટે સમય આપી શકાતો નહોતો**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

વાપી શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશ સેવંતીલાલ શાહે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખને રીજનામાનો પત્ર મોકલી આપી પ્રમુખ તરીકે રાજીનામું ધરી દીધું છે. મહેશ શાહના રાજીનામાને લઈ આંતરિક રાજકારણમાં ખળભળાટ આવી જવા પામ્યો છે.

વાપી મહાનગરપાલિકાની ચૂંટણી પહેલાં જ શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે મહેશ શાહની વરણી કરવામાં આવી હતી. હોદ્દો સંભાળ્યા બાદ મહેશ શાહે સક્રિયતા દાખવી હતી. રેલવેનો ફલાય ઓવરબ્રિજ, મનપાના ફિલ્ટરેશન પ્લાન્ટની કામગીરી જેવા ગંભીર સમસ્યા અને મુદ્દાઓ ઉઠાવ્યા હતા. તેમના નેતૃત્ત્વમાં મનપાની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસે ૧૧ બેઠકો જીતી હતી. પરંતુ એકાએક શહેર પ્રમુખ તરીકે મહેશ શાહે રાજીનામું આપી દેતા કોંગ્રેસ વર્તુળો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. તેમણે રાજીનામા પત્રમાં ઉલ્લેખ કર્યા મુજબ અંગત કારણોસર રાજીનામું આપ્યું છે. ખાસ કરીને વ્યવસાયિક કાર્યોમાં સેવા માટે સમય નહી ફાળવી શકાતો હોવાથી રાજીનામું આપ્યું છે. ચર્ચાઓ મુજબ કોંગ્રેસના આંતરિક વિવાદ પણ રાજીનામા માટે જવાબદાર હોવાનું મનાય છે. હવે નવા પ્રમુખની શોધ પ્રદેશ તરફથી કરવામાં આવશે. દાવા અને પ્રતિદાવાનો દોર શરૂ થઈ જશે.

# સત્તા રાજ્યને મહાન બનાવે છે, જ્યારે કરુણા રાજાને અમર બનાવી દે છે

**બાળકોની હૃદયદ્રાવક સ્થિતિ સાંભળી તત્કાલીન નવાનગરના મહારાજા જામસાહેબનું હૃદય કરુણાથી છલકાઈ ઊઠ્યું. તેમણે સામેથી આગળ આવીને આ અનાથ બાળકોને આશ્રય આપવા સ્વીકાર્યું: ઈરાનથી બ્રિટિશ જહાજો દ્વારા આ એક હજાર જેટલાં શરણાર્થી બાળકોને મુંબઈ લાવવામાં આવ્યા અને ત્યાંથી જામનગરના બાલાચડી ખાતે પહોંચાડાયા તે દિવસથી ઈતિહાસે રાજાશાહીનું નહીં, માનવતાનું નવું પાનું લખવાનું શરૂ કર્યું, તેમણે શરણાર્થીઓ માટે પોતાનો મહેલ નહીં પરંતુ દિલ ખોલી દીધું તેમણે પળવારમાં અનાથ બાળકોને સનાથ બનાવી દીધાં**



**વર્સેલ્સથી વિનાશ સુધી- પોલેન્ડની કરુણ કથા:** પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્ણ થયા પછી ૨૮ જૂન ૧૯૧૯ના રોજ પેરિસ નજીક આવેલા વર્સેલ્સ મહેલમાં બ્રિટન, ફ્રાન્સ અને અમેરિકા જેવાં વિજેતા દેશો અને પરાજિત જર્મની વચ્ચે શાંતિના ભાગ રૂપે એક સંધિ કરવામાં આવી હતી જે વર્સેલ્સની સંધિ (Treaty of Versailles) તરીકે ઓળખાય છે. તેમાં જર્મનીને યુદ્ધના દોષી ઠેરવતા યુદ્ધ દરમ્યાન જે દેશોને નુકશાન થયું હતું તેનું વળતર જર્મનીએ ચૂકવવું પડ્યું.

જર્મનીના કેટલાક પ્રદેશો તેના પડોશી દેશોને સોંપવામાં આવ્યા અને તેની તમામ વસાહતો પણ છીનવી લેવામાં આવી. આને કારણે જર્મનીની અર્થવ્યવસ્થા તૂટી પડી.

આ સંધિનો મુખ્ય હેતુ હતો કે જર્મની ફરી ક્યારેય યુદ્ધ ન કરી શકે. જર્મનીનું સૈન્ય એક લાખ સુધી મર્યાદિત કરી દેવામાં આવ્યું. વાયુસેના પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો. ટેન્ક અને સબમરીન રાખવાની પણ મનાઈ ફરમાવવામાં આવી.

જર્મનીના લોકો આ સંધિને અત્યંત અપમાનજનક માનતા હતા. દેશ ગરીબી, બેરોજગારી અને અસંતોષમાં ડૂબી ગયો. આ જ અસંતોષનો લાભ લઈને એડોલ્ફ હિટલર સત્તા પર આવ્યો. તેણે લોકોને વચન આપ્યું કે: તે વર્સેલ્સની સંધિ રદ્દ કરશે, જર્મનીનું ગૌરવ પાછું લાવશે અને ગુમાવેલા પ્રદેશો ફરી મેળવશે. આ રીતે વર્સેલ્સની સંધિ બીજા વિશ્વયુદ્ધના સૌથી મોટા મૂળ કારણોમાંનું એક બની.

૧ સપ્ટેમ્બર ૧૯૩૯ના રોજ જર્મનીએ કોઈ ઔપચારિક યુદ્ધની ઘોષણા કર્યા વિના પોલેન્ડ પર હુમલો કર્યો. આ હુમલાથી જ બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.

સન ૧૯૪૨માં બીજું વિશ્વયુદ્ધ ભયાનક સ્વરૂપ ધારણ કરી ચૂક્યું હતું. યુરોપમાં બોમ્બવર્ષા, ભૂખમરો અને નિર્દોષોની હત્યાઓએ માનવતાને રડાવી દીધી હતી.

પ્રચંડ બોમ્બમારાથી અનેક શહેરો, ગામડાં, હોસ્પિટલો અને શાળાઓ પાયમાલ થઈ ગઈ. હજારો નિર્દોષ લોકો શરૂઆતના જ દિવસોમાં મૃત્યુ પામ્યા.

યહૂદીઓ પર ક્રૂર અત્યાચારના કારણે પોલેન્ડના લગભગ ત્રીસ લાખ યહૂદીઓ નાઝી અત્યાચારના ભોગ બન્યા. લાખો લોકોને પહેલાં ઘેટ્ટોમાં કેદ કરવામાં આવ્યા અને ત્યારબાદ ઓશ્વિટ્ઝ-બિરકેનાઉ, ટ્રેબ્લિંકા અને સોબિબોર જેવી મૃત્યુ શિબિરોમાં મોકલી તેમની હત્યા કરવામાં આવી.

તેમાં શિક્ષકો, ડૉક્ટરો, પ્રોફેસરો, પાદરીઓ અને સમાજના આગેવાનોને ખાસ નિશાન બનાવીને મારી નાખવામાં આવ્યા, જેથી પોલેન્ડ ફરી ઊભું ન થઈ શકે.

જર્મની અને સોવિયેત સંઘે પોલેન્ડના લાખો નાગરિકોને બળજબરીથી પોતાના કબજાવાળા પ્રદેશોમાં અને મજૂર છાવણીઓમાં નિર્વાસિત કર્યા. તેમાં અનેક પરિવારો છિન્નભિન્ન થઈ ગયા.

## સિક્કાની ત્રીજી બાજુ




**- સ્વામી ચિન્મયદાસ**

હજારો પોલિશ બાળકો માતા-પિતાથી વિખૂટા પડી ગયા હતા. કેટલાકે માતા ગુમાવી, કેટલાકે પિતા અને અનેક તો સાવ અનાથ બની ગયા. કેટલાકને બળજબરીથી જર્મની લઈ જવાયા, જ્યારે હજારો ભૂખ, રોગ અને યુદ્ધના કારણે મૃત્યુ પામ્યા. પરિસ્થિતિ બદલાતાં તેઓને મુક્ત કરવામાં આવ્યા.

ત્યારબાદ જનરલ વ્લાદિસ્લાવ એન્ડર્સ (Wladyslaw Anders)ની આગેવાની હેઠળ હજારો પોલિશ નાગરિકો મધ્ય એશિયાથી ઈરાન પહોંચ્યા.

ઈરાનમાં બાળકોની કફોડી સ્થિતિ જોઈને બ્રિટિશ સરકાર અને રેડક્રોસે તેમને સલામત જગ્યાએ ખસેડવાની યોજના બનાવી. શરણાર્થીઓની વિશાળ સંખ્યાને કારણે બધા દેશો પૂરતો આશ્રય આપી શકતા ન હતા. તેથી બાળકોને વિવિધ દેશોમાં ખસેડવાની યોજના બનાવવામાં આવી.

ઈરાનના શરણાર્થી કેમ્પોમાંથી બ્રિટિશ સરકાર અને ભારતીય સત્તાધીશોના સહયોગથી એક હજાર જેટલાં બાળકોને ભારત મોકલવાનું નક્કી થયું.

**નિરાશ્રિત બાળકો અને જામસાહેબનું ઉદાર હૃદય:** તે સમયે ભારતમાં બ્રિટિશ શાસન હતું પરંતુ તે અનેક દેશી રજવાડાઓમાં વહેંચાયેલું હતું. તેથી આ બાળકોને કોણ સાચવે તે એક પ્રશ્ન હતો.

તે સમયે 'ઈમ્પીરિયલ વોર કેબિનેટ'ના સભ્ય રહેલા નવાનગરના (હાલનું જામનગર,) મહારાજા જામસાહેબ દિગ્વિજયસિંહજી રણજીતસિંહજી જાડેજાને આ વાતની જાણ થઈ.

બાળકોની હૃદયદ્રાવક સ્થિતિ સાંભળી તત્કાલીન નવાનગરના મહારાજા જામસાહેબનું હૃદય કરુણાથી છલકાઈ ઊઠ્યું. તેમણે સામેથી આગળ આવીને આ અનાથ બાળકોને આશ્રય આપવા સ્વીકાર્યું.

**બાલાચડી શિબિર: અનાથો માટે સનાથ ધામ:** અંતે, ઈરાનથી બ્રિટિશ જહાજો દ્વારા આ એક હજાર જેટલાં શરણાર્થી બાળકોને મુંબઈ લાવવામાં આવ્યા અને ત્યાંથી જામનગરના બાલાચડી ખાતે પહોંચાડાયા. તે દિવસથી ઈતિહાસે રાજાશાહીનું નહીં, માનવતાનું નવું પાનું લખવાનું શરૂ કર્યું. તેમણે શરણાર્થીઓ માટે પોતાનો મહેલ નહીં પરંતુ દિલ ખોલી દીધું. તેમણે પળવારમાં અનાથ બાળકોને સનાથ બનાવી દીધાં.

જામનગર નજીક બાલાચડી ખાતે આ શરણાર્થીઓ માટે એક વિશાળ શિબિર ઊભી કરવામાં આવી. રાજ્યની સૈનિક શાળામાં તે બાળકોને રહેવાની વ્યવસ્થા, પૌષ્ટિક ભોજન, શિક્ષણ, રમતગમત અને તબીબી સારવાર—બધી જ સુવિધાઓ આપવામાં આવી. ૧૯૪૨થી ૧૯૪૬ દરમિયાન બાલાચડીમાં લગભગ એક હજાર પોલિશ બાળકોને આશ્રય, શિક્ષણ અને સંભાળ મળી. તેમની સંભાળ માટે કેટલીક પોલિશ મહિલાઓ પણ સાથે હતી.

જામસાહેબ જ્યારે બાળકોને મળવા જતા ત્યારે તેઓ રાજા તરીકે નહીં, પરંતુ પિતા તરીકે મળતા. બાળકો તેમને પ્રેમથી ''બાપુ'' કહીને બોલાવતા. તેમણે કહ્યું હતુ: ''તમે હવે અનાથ નથી. તમે હવે નવાનગરના બાળકો છો, અને હું તમારો બાપુ છું.'' આ એક વાક્યે હજારો અનાથ બાળકોના જીવનમાં ફરી આશાનો સૂર્ય ઉગાડ્યો.

યુદ્ધ પૂર્ણ થયું. બાળકો પોતાના વતન પોલેન્ડ પરત ફર્યા. પરંતુ તેઓ ભારતનો પ્રેમ અને જામસાહેબની મમતા ક્યારેય ભૂલી શક્યા નહીં.

**''ડોબ્રી મહારાજા'' - ઈતિહાસમાં અમર માનવતા:** આજે પણ પોલેન્ડમાં જામસાહેબને ''ધ ગુડ મહારાજા'' (Dobry Maharadza) તરીકે યાદ કરવામાં આવે છે. વૉરસોમાં તેમના નામે ચોક અને સ્મારક બનાવવામાં આવ્યા છે. પોલેન્ડમાં ઘણી શેરીઓ અને પ્રોજેક્ટને તેમના માનમાં તેમના નામ આપવામાં આવ્યા છે. દર વર્ષે અનેક પોલિશ નાગરિકો જામનગર આવી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

આ ઘટના આપણને એક અમૂલ્ય પાઠ શીખવે છે. સીમાઓ દેશોને અલગ પાડે છે, પરંતુ કરુણા સમગ્ર વિશ્વને એક પરિવાર બનાવી દે છે.

રાજમુકુટની સાચી શોભા હીરા-મોતીથી નહીં પરંતુ દયાળુ હૃદયથી થાય છે.

માનવતા કરતાં મોટો કોઈ ધર્મ નથી. સંપત્તિ, સત્તા અને પ્રસિદ્ધિ સમય સાથે ઓગળી જાય છે, પરંતુ મુશ્કેલીમાં આપેલો પ્રેમ અને આશ્રય ઈતિહાસમાં અમર બની જાય છે.

જ્યારે માણસ માણસને પોતાનો માને, ત્યારે જ સાચી સંસ્કૃતિ જન્મે છે.

સમય નિઃશબ્દ કહી રહ્યો છે: યુદ્ધો નકશા બદલી શકે છે, પરંતુ માનવતા હૃદયો જીતી લે છે. હિટલરે પોલેન્ડને ઘાવ આપ્યા, જ્યારે જામસાહેબે એ જ પોલેન્ડના બાળકોને મમતાનો આશ્રય આપ્યો.

તેથી જ ઈતિહાસમાં એકનું નામ ક્રૂરતાના પ્રતીક તરીકે યાદ કરવામાં આવે છે, જ્યારે બીજાનું નામ માનવતાના પ્રકાશરૂપે આજે પણ વિશ્વના હૃદયમાં ઝળહળે છે.

**જામસાહેબ જ્યારે બાળકોને મળવા જતા ત્યારે તેઓ રાજા તરીકે નહીં, પરંતુ પિતા તરીકે મળતા, બાળકો તેમને પ્રેમથી ''બાપુ'' કહીને બોલાવતા, તેમણે કહ્યું હતુ: ''તમે હવે અનાથ નથી, તમે હવે નવાનગરના બાળકો છો, અને હું તમારો બાપુ છું'' આ એક વાક્યે હજારો અનાથ બાળકોના જીવનમાં ફરી આશાનો સૂર્ય ઉગાડ્યો: યુદ્ધ પૂર્ણ થયું, બાળકો પોતાના વતન પોલેન્ડ પરત ફર્યા પરંતુ તેઓ ભારતનો પ્રેમ અને જામસાહેબની મમતા ક્યારેય ભૂલી શક્યા નહીં**

# વાપી છીરીમાં રહેતા રીઢા ઘરફોડ ચોર જય લલીત વાઘેલાને ડેન્જર પર્સન જાહેર કરી જિલ્લા તડીપાર કરાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૯**

વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચે વાપી છીરી રામનગરમાં રહેતો રીઢો ઘરફોડ ચોરની ધરપકડ કરી કોર્ટમાં જરૂરી દસ્તાવેજ રજૂ કરીને કોર્ટ આદેશ બાદ આરોપી ઘરફોડ ચોરને જિલ્લા બહાર ૬ મહિના માટે તડીપાર કરાયો છે.

વલસાડ જિલ્લાના આમ નાગરિકો માટે ભયમુક્ત વાતાવરણ અને કાયદો વ્યવસ્થાની જાળવણી હેતુ એલસીબીએ કાર્યવાહી કરી છે. વાપીના છીરી રામનગર વેપારી ચાલ રૂમ નં.૧૦માં રહેતો જય લલીત કુમાર વાઘેલાની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ પારડી કોર્ટમાં પોલીસે જરૂરી પેપર દસ્તાવેજ રજૂ કરીને કોર્ટ હૂકમ મેળવી આરોપીને છ મહિના માટે જિલ્લા તડીપાર કર્યો હતો. આરોપી જય વાઘેલા મૂળ નિવાસી મેદપુર વડનગર જિ. બનાસકાંઠાનો છે. આરોપી વિરૂધ્ધ ઘરફોડ ચોરીના આરોપો છે જેથી પોલીસે કાર્યવાહી કરી હતી.